₹ ૧૫/-

ચિત્તની પરિપૂર્ણતા
પાંચ પાંખડીઓવાળું પુષ્પ



# પ્રભુ અર્પણ

જુલાઈ - ૨૦૨૦

(શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની શબ્દસુધા)

# Matter shall reveal the Spirit's face

*Sri Aurobindo*

*

તમારે કોઈ પણ બીજી વસ્તુ ઉપર આધાર રાખવાનો નથી, પછી ભલે તે ગમે તેટલી મદદ રૂપે દેખાતી હોય. તમારો સૌથી મુખ્ય આધાર, સૌથી પ્રથમ અને પાયાનો આધાર શ્રી માતાજીની શક્તિ છે. 'સૂર્ય' અને 'પ્રકાશ' મદદરૂપ બની શકે છે, અને એ જો સાચો 'પ્રકાશ' અને સાચો 'સૂર્ય' હશે તો મદદરૂપ બનશે પણ ખરાં. પરંતુ તે શ્રી માતાજીની શક્તિનું સ્થાન તો નહિ જ લઈ શકે.

શ્રી અરવિન્દ

(શ્રી માતાજી : દિવ્ય સ્વરૂપ : પૃ. ૨૭)

યોગી બનવું, સંન્યાસી કે તપસ્વી થવું એ અહીંનું લક્ષ્ય નથી. આ યોગનું લક્ષ્ય છે રૂપાંતર. અને એ રૂપાંતરનું કાર્ય તમારી પોતાની શક્તિ કરતાં કોઈ અનંતગણી મહાન શક્તિ દ્વારા જ થઈ શકવાનું છે. મા ભગવતીના હાથમાં તમે એક સાચા બાળક જેવા બની રહેશો તો જ એ વસ્તુ સિદ્ધ થઈ શકશે.

શ્રી અરવિન્દ

(શ્રી માતાજી : દિવ્ય સ્વરૂપ : ૨૬)

# પ્રભુ અર્પણ

(આધ્યાત્મિક વિકાસ, એ જ આપણા પૃથ્વી પરના જીવનનો ખરો હેતુ છે.)

## શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.

જુલાઈ – ૨૦૨૦ વર્ષ : ૦૬ અંક : ૭

# અનુક્રમ

## ચિત્તની પરિપૂર્ણતા
## પાંચ પાંખડીઓવાળું પુષ્પ


| | |
|---|---|
| ચિત્તની પરિપૂર્ણતા | ૦૬ |
| સાધના માટે આવશ્યક ગુણો | ૧૨ |
| સત્યનિષ્ઠા | ૧૪ |
| અભીપ્સા | ૧૭ |
| સમર્પણ | ૧૮ |
| શ્રદ્ધા | ૨૧ |
| ધીરજ | ૨૫ |
| ભક્તિ | ૨૭ |
| ભક્તિ અને પ્રેમ | ૨૯ |
| સરળ બની રહો | ૩૧ |


*

**તંત્રી નોંધ :**

યોગમાં તકનીક અને પદ્ધતિઓનું એટલું બધું મહત્ત્વ હોતું નથી. એમાં મહત્ત્વની વસ્તુ છે વલણ, જે યોગની પ્રક્રિયાને આધાર પૂરો પાડે છે. એવાં વલણો હોય છે જે શ્રી માતાજીની શક્તિનાં કાર્યમાં સહાયક પુરવાર થાય છે અને એવાં વલણો પણ હોય છે, જે શ્રી માતાજીની શક્તિનાં કાર્યમાં અવરોધ ઉત્પન્ન કરતાં હોય છે. આ અંકમાં અમે એવાં અમુક વલણો વિશે ચર્ચા કરી છે, જે પૂર્ણયોગ માટે અનિવાર્ય એવી ચિત્તની પરિપૂર્ણતાના અંગરૂપ છે.



''જુઓ ! આ પુષ્પો છે અને આશીર્વાદ છે! આ દિવ્ય પ્રેમનું સ્મિત છે! એનામાં કશી પસંદગીઓ નથી અને ઘૃણાઓ નથી.... એક ઉદાર પ્રવાહમાં તે પ્રેમ સર્વ પ્રત્યે વહી રહ્યો છે અને પોતાની અદ્‌ભુત બક્ષિસોને તે કદી પાછી લઈ લેતો નથી.''

શાશ્વત મા ભગવતી તીવ્ર આનંદના ભાવમાં પોતાના બાહુઓ વિસ્તારીને, જગત ઉપર પોતાના પવિત્રતમ પ્રેમનું અસ્ખલિત ઝાકળ રેડી રહી છે!

શ્રી માતાજી

(પ્રાર્થના અને ધ્યાન)

# ચિત્તની પરિપૂર્ણતા

**શ્રી માતાજી પોતાના હાથમાં રહેલા ચંપાના ફૂલને બતાવે છે.**
**તે પુષ્પને તેમણે ''માનસશાસ્ત્રીય પરિપૂર્ણતા'' નામ આપ્યું છે.**

આને કોણ યાદ કરે છે?

(પાંખડીઓને ગણીને) એક, બે, ત્રણ, ચાર, પાંચ. માનસશાસ્ત્રીય પરિપૂર્ણતાઓ, પાંચ માનસશાસ્ત્રીય પરિપૂર્ણતાઓ કઈ કઈ છે?

તે પરિપૂર્ણતાઓમાં ફેરફાર થઈ શકે છે. હકીકતમાં, જો હું તમને મારી ગુપ્ત વાત કહું તો, જ્યારે જ્યારે હું આ પુષ્પ કોઈકને આપતી હોઉં છું, ત્યારે ત્યારે હંમેશાં તે એક જ પ્રકારની માનસશાસ્ત્રીય પરિપૂર્ણતાઓ નથી હોતી. તેનો આધાર માણસોની જરૂરિયાતો પર હોય છે. એક જ વ્યક્તિને, જુદે જુદે વખતે, હું જુદી જુદી માનસશાસ્ત્રીય પરિપૂર્ણતાઓ આપતી હોઉં છું. એટલે તેમાં નિશ્ચિતતા નથી. પણ જ્યારે પહેલી વાર આ પુષ્પને માનસ-શાસ્ત્રીય પરિપૂર્ણતાનું નામ આપવામાં આવ્યું (મને બરાબર યાદ છે કે અત્યારે જ્યાં પ્રોસ્પેરિટી[1] નામનું સ્થાન છે ત્યાં ભરાયેલી સભામાં તે નામ પહેલી વાર આ પુષ્પને આપવામાં આવ્યું હતું. દર મહિનાની પહેલી તારીખે હું ત્યાં જાઉં છું. ત્યાં એક સભા હતી. તેમાં અમે પાંચ માનસશાસ્ત્રીય પરિપર્ણતાઓ નક્કી કરી હતી.) તે વખતે તે લખી લેવામાં આવી હતી. પણ મારે માટે તે પ્રવાહી છે, અનિશ્ચિત છે. મેં તમને કહ્યું કે તેનો આધાર સંયોગો ઉપર અને જરૂરિયાતો ઉપર હોય છે. પહેલી વખતે કઈ પરિપૂર્ણતાઓ નક્કી કરવામાં આવી હતી તે મને યાદ નથી.

એટલે જો કોઈ તે જાણતું હોય, તો તે આપણને કહે. આપણે સરખાવી—તે તે બાબતની ખાતરી કરી લઈશું.

**મને ખાતરી નથી.**

તમને ખાતરી નથી. કોઈને તે બાબત ખાતરી છે?

**૨૫ જાન્યુઆરી ૧૯૫૬**

**અભીપ્સા, ભક્તિ, દિલની સચ્ચાઈ, અને શ્રદ્ધા.**

એ તો ચાર પાંખડીઓની ચાર માનસશાસ્ત્રીય પરિપૂર્ણતાઓ થઈ.

**અને સમર્પણ.**

સમર્પણ? બીજા કોઈએ મને બીજી વસ્તુ કહી હતી.

(એક શિષ્યને) તમે જાણો છો? ઠીક, તો આવીને અમને કહો.

---

૧. દર મહિનાની પહેલી તારીખે, પ્રોસ્પેરિટી નામના મકાનમાં માતાજી શિષ્યોને તેમને મહિના માટે જરૂરી વસ્તુઓ વહેંચતાં હતાં.

**શ્રી માતાજી, અંગ્રેજીમાં?**

મારા બાળક, ના. આ તો ફ્રેન્ચનો વર્ગ છે, અંગ્રેજીનો નહિ!

**શ્રદ્ધા, દિલની સચ્ચાઈ, અભીપ્સા, ભક્તિ, સમર્પણ.**

તે પાંચ વસ્તુઓ તો પેલા ભાઈએ કહી હતી. (બીજા શિષ્ય પ્રત્યે વળીને) થોડાક સમય પહેલાં તમે મને 'વફાદારી' કહી હતી.

**મેં કહ્યું હતું. પણ વફાવદારીને બદલે તે શ્રદ્ધા છે.**

પણ વફાદારી શા માટે ન હોવી જોઈએ? મેં તે ટપકાવી લીધું ન હતું, કારણ કે હું કોઈ પણ વસ્તુને યાદ કરવાનો પ્રયત્ન કરતી નથી. મને જે વસ્તુ સૌથી વધારે મહત્ત્વની અને સર્વ સાધારણ લાગી તે મેં ટપકાવી લીધી હતી. પણ તે અનેક રીતે મૂકી શકાય.

તે ગમે તેમ હોય, પણ બધા સંયોગોમાં, તે જે કોઈ માણસ હોય તેને પ્રથમ હું દિલની સચ્ચાઈ આપતી હોઉં છું, કારણ કે દિલની સચ્ચાઈ વગર માણસ અડધું પગલું પણ આગળ વધી શકતો નથી. તેથી હું હંમેશાં પ્રથમ દિલની સચ્ચાઈ આપતી હોઉં છું.

જો તમને ઠીક લાગે, તો તે શબ્દને બદલે હું 'પારદર્શકતા' શબ્દ વાપરી શકું. હું તે શબ્દને સમજાવીશ.

કોઈક માણસ મારી સામે છે, હું તેની સામે જોઉં છું, હું તેની આંખોમાં જોઉં છું. જો તે માણસ સાચા દિલનો અથવા પારદર્શી હશે, તો તેની આંખો દ્વારા હું તેનામાં ઊંડો પ્રવેશ કરું છું અને તેના આત્માને જોઉં છું – સ્પષ્ટ રીતે જોઉં છું. પણ આ નિશ્ચિત અનુભૂતિ છે કે જ્યારે હું કોઈ માણસ સામે જોતી હોઉં અને મને નાનકડું વાદળ દેખાય, ત્યારે હું જોવાનું ચાલુ રાખું છું, અને મને પડદો દેખાય છે. જોવાનું વધારે ચાલુ રાખતાં મને ભીંત દેખાય છે, પછી મને કાંઈક કાળા રંગનું દેખાય છે. આ બધાંને વટાવી જવાં પડે છે, છિદ્રો પાડીને હું તેની ભીતરમાં ઊંડે પ્રવેશ કરું છું. છેવટે મને ખાતરી નથી થતી કે હું જાડી કાંસાની દીવાલ તો નથી જોતી. તે એટલી બધી જાડી હોય છે, કે કદાચ તેને ભેદીને હું તેના આત્માને જોઈ શકતી નથી. માણસ માટે હું તરત કહી શકું છું કે તેનામાં દિલની સચ્ચાઈ નથી. પ્રતીકમય રીતે, હું એમ પણ કહી શકું કે તે પારદર્શી નથી. આ પ્રથમ વસ્તુ છે.

એક બીજી વસ્તુ છે. જો તમે પ્રગતિ સાધવા માગતા હો, તો તે અનિવાર્ય છે. તે છે શ્રદ્ધા. તેને માટે બીજો શબ્દ વાપરી શકાય, જે વધારે મર્યાદિત છે. પણ તે મારે માટે મર્યાદિત નથી, કારણ કે હું તેને ખૂબ મહત્ત્વની વસ્તુ માનું છું (મારો તેવો અનુભવ છે). જો તમારી શ્રદ્ધા ભગવાનમાં સંપૂર્ણ વિશ્વાસ રૂપ નહિ હોય, તો તમે એવા ખ્યાલમાં રહેશો કે મારામાં શ્રદ્ધા છે, અને છતાં તમે ભગવાનની શક્તિમાં—ભદ્રતામાં—ભગવાન તમારામાં જે સત્ય માગે છે તેમાં વિશ્વાસ ગુમાવી બેસશો. એ ત્રણમાં વિશ્વાસ ગુમાવી દેવો તે પતનના ખાડા છે.

કેટલાક લોકો કહેતા હોય છે કે ''અમારામાં ભગવાનમાં અડગ શ્રદ્ધા છે. ભગવાન જ બધું કરી રહ્યા છે, કરી શકે છે. મારામાં, બીજાઓમાં, સર્વત્ર જે કાંઈ બની રહ્યું છે, તે ભગવાનનું જ કાર્ય છે, માત્ર ભગવાનનું જ કાર્ય છે.'' જો તેઓ કોઈક પ્રકારના તર્ક વડે આ વાતને અનુસરતા

હશે, તો થોડા સમય પછી, જગતમાં બનતાં, સર્વ ભયંકર અનિષ્ટો માટે તે ભગવાનનો દોષ કાઢશે; જો તેમનામાં સાચો વિશ્વાસ નહિ હોય, તો તેઓ ભગવાનને એક ક્રૂર અને ભીષણ રાક્ષસ બનાવી દેશે.

વળી, તેમનામાં શ્રદ્ધા હોય છે, પણ તેઓ પોતાની જાતને કહેતા હોય છે કે ''મને ભગવાનમાં શ્રદ્ધા છે. પણ આ જગત કેવું છે તે હું બરાબર જોઈ શકું છું! પ્રથમ તો હું બહુ જ દુ:ખી છું, નહિ વારુ? મારા બધા પડોશીઓ કરતાં હું ખૂબ વધારે દુ:ખી છું (કારણ કે માણસ હંમેશાં પોતાના પડોશીઓ કરતાં વધારે દુ:ખી હોય છે). જીવન મારા પ્રત્યે બહુ કઠોર છે. પણ ભગવાન તો ભગવાન છે, દિવ્ય છે, સર્વ કલ્યાણમય છે, પરમ ઉદાર છે, સર્વ-સંવાદમય છે. તો પછી હું આટલો બધો દુ:ખી કેમ છું? ભગવાન શક્તિહીન હોવા જોઈએ, નહિ તો તે મને આટલો બધો દુ:ખી કેમ થવા દે?''

તે બીજી પતનની ખાઈ છે.

ત્રીજી પ્રકારના માણસોમાં વિકૃત નમ્રતા હોય છે. તે પોતાની જાતને કહેતા હોય છે કે ''ચોક્કસ ભગવાને મને ફેંકી દીધો છે. હું કશા કામનો નથી. તે મારે માટે કાંઈક કરી શકે તેમ નથી. મારે માત્ર આ રમતનો—ભગવાનની ભક્તિનો—ત્યાગ જ કરી દેવાનું રહે છે, કારણ કે ભગવાન મને પોતાને માટે યોગ્ય માનતા નથી.

એટલે, જ્યાં સુધી માણસ શ્રદ્ધામાં—ભગવાનની કૃપામાં પરિપૂર્ણ, સમગ્ર વિશ્વાસનો ઉમેરો નહિ કરે, ત્યાં સુધી મુશ્કેલીઓ આવવાની. એટલે એ બંને જરૂરી છે.

પાંચ માનસશાસ્ત્રીય પરિપૂર્ણતાઓમાં આપણે ભક્તિને પણ મૂકી છે. હા, ભક્તિ સારી વસ્તુ છે પણ જો તેની સાથે બીજી અનેક વસ્તુઓ ન હોય, તો તે પણ ઘણી ભૂલો કરી બેસે, તેને ઘણી મુશ્કેલીઓ નડે.

તમારામાં ભક્તિ હોય, પણ સાથેસાથે અહંતા પણ હોય. ભક્તિ વડે તે અહંતા તમારી પાસે અનેક અહંતામય કૃત્યો કરાવે—અર્થાત્, તમે માત્ર તમારો જ વિચાર કરો, બીજાઓનો નહિ, જગતનો નહિ, કાર્યનો નહિ, જે તમારે કરવું જોઈએ તેનો નહિ. તમે માત્ર તમારી ભક્તિનો જ વિચાર કર્યા કરો, અને તમે ભયંકર રીતે અહંતાપૂર્ણ બની જાઓ. એટલે, તમે આશા રાખી હોય તેટલા ઉત્સાહપૂર્વક ભગવાન તમારી ભક્તિનો પ્રત્યુત્તર નથી આપતા એમ તમને લાગે, ત્યારે તમે નિરુત્સાહ—નિરાશ બની જાઓ અને મેં ઉપર ગણાવેલી ત્રણ પતનની ખીણોમાં ગબડી પડો. ભગવાનને તમે ક્રૂર માનવા લાગો. આપણે ઘણી કથાઓમાં વાંચ્યું છે કે ઉત્સાહપૂર્ણ ભક્તો પાછળથી ભગવાનને ગાળો દેવા લાગ્યા હતા, કારણ કે તેમણે આશા રાખી હતી તેવા ભલા અને નિકટના તેમને ભગવાન પાછળથી લાગ્યા ન હતા. ભગવાન ચાલ્યા ગયા હોય, એમ તેમને લાગે છે. ''હે મા, તમે કેમ અમને છોડી ગયાં છો?'' તેઓ બહારથી એમ કહેતા હોતા નથી, પણ મનમાં એવું વિચારે છે, અથવા તે પોતાની જાતને કહે છે કે મેં કોઈ ગંભીર ભૂલ કરી હોવી જોઈએ અને તેથી ભગવાને મને ફેંકી દીધો છે. તેઓ નિરાશ બની જાય છે.

પણ ભક્તિની સાથે સતત એક બીજી ગતિ હોવી જોઈએ. ભગવાન છે—એ જાતની

આભારની લાગણી. ભગવાન છે તે હકીકત માત્રથી હૃદયને ભવ્ય આનંદથી ભરી દેતી ભાવના, અદ્ભુત આભારની લાગણી. વિશ્વમાં ભગવાન જેવી કોઈક વસ્તુ છે, જે આપણે જોઈએ છીએ તે ભીષણતા જ માત્ર નથી. જ્યારે જ્યારે તમે સીધી અથવા આડકતરી રીતે, તમારી જાતને ભગવાનના સંપર્કમાં મૂકો છો ત્યારે ત્યારે તમારું હૃદય ઉત્કટ, અદ્ભુત આનંદથી, બધી વસ્તુઓ કરતાં શ્રેષ્ઠ રસવાળી આભારની લાગણીથી ઊભરાઈ જાય છે.

આભારવૃત્તિ જેવો આનંદ આપે છે તેવો આનંદ બીજી કોઈ વસ્તુ આપી શકતી નથી. માણસ પંખીને ગાતું સાંભળે છે, સુંદર પુષ્પને જુએ છે, નાના બાળક તરફ નજર કરે છે, કોઈ ઉદારતાના કૃત્યનું અવલોકન કરે છે, કોઈ સુંદર વાક્ય વાંચે છે, આથમતા સૂર્યને નિહાળે છે, ત્યારે તમારામાં ઓચિંતી એક ગહન, ઉત્કટ લાગણી પેદા થાય છે કે જગત ભગવાનને પ્રગટ કરી રહ્યું છે, જગતની પીઠમાં ભગવાન રહેલા છે.

એટલે મને આભારવૃત્તિ વગરની ભક્તિ અપૂર્ણ લાગે છે. ભક્તિ સાથે આભારની લાગણી આવવી જ જોઈએ.

મને યાદ છે કે એક વાર આપણે ધૈર્યને, હિંમતને માનસશાસ્ત્રીય પરિપૂર્ણતાઓમાં ગણાવી હતી. એક વાર સૂચિમાં મેં તેનો સમાવેશ કર્યો હતો, તે મને યાદ છે. પણ આ હિંમતનો અર્થ છેઃ પરમ સાહસ માટે રસ. તે પરમ સાહસ માટે રસ એ અભીપ્સા છે, જે તમારા પર પરિપૂર્ણ પકડ જમાવે છે અને ગણતરી કર્યા વગર, કશું બાકાત રાખ્યા વગર, પાછા ફરવાની શક્યતા વગર, ભગવાનની શોધરૂપી મહાન સાહસમાં ભગવાન સાથેના મિલનરૂપી મહા-સાહસમાં, ભગવાનના સાક્ષાત્કારરૂપી મહત્તર સાહસમાં ફેંકે છે. શું થશે? એમ એક ક્ષણ માટે પણ તમારીજાતને પૂછ્યા વગર, ડોકું ફેરવીને પાછું જોયા વગર, તમે તમારી જાતને તે સાહસમાં ફેંકી દો છો. કારણ કે શું બનશે? એવો પ્રશ્ન જો તમે કરશો, તો તમે કદી શરૂઆત જ નહિ કરી શકો, તમે છો ત્યાં જ ચીટકી રહેશો. કાંઈક ગુમાવી બેસવાનો, સમતુલા ગુમાવી બેસવાનો તમને ભય લાગશે.

તેથી હું હિંમતને અભીપ્સા કહું છું. હિંમત અને અભીપ્સા સાથે સાથે જાય છે. સાચી અભીપ્સામાં હિંમત હોય છે જ.

હવે સમર્પણ. અંગ્રેજીમાં તેને surrender કહે છે; ફ્રેન્ચમાં તેના ચોક્કસ અર્થને બતાવતો કોઈ શબ્દ નથી. પણ શ્રી અરવિન્દે કહ્યું છે—હું ધારું છું કે આપણે તે વાંચ્યું છે—કે યોગ કરવા માટે સમર્પણ એ પ્રથમની અનિવાર્ય શરત છે. એટલે સમર્પણ એ જરૂરી ગુણોમાંનો એક ગુણ નથી; યોગની શરૂઆત કરવા માટે તે પ્રથમનું અનિવાર્ય વલણ છે. જો માણસે સંપૂર્ણ સમર્પણ કરવાનો નિશ્ચય ન કર્યો હોય, તો તે શરૂઆત જ ન કરી શકે.

પણ એ સમર્પણ સમગ્ર બને તેટલા માટે બધા ગુણોની જરૂર છે. તે ગુણોમાંનો પાંચમો ગુણ છે સહિષ્ણુતા. જો તમે નિરાશ થયા સિવાય મુશ્કેલીઓનો સામનો ન કરી શકો, પ્રહારો થાય અને છતાં તમે યોગનું કાર્ય ચાલુ રાખો એવી શક્તિ જો તમારામાં ન હોય, તમારી ક્ષતિઓને કારણે આવતી મુશ્કેલીઓને જો તમે ખિસ્સામાં ન મૂકી શકો, ઢીલાશ આવવા દીધા

સિવાય કાર્યમાં મંડ્યા ન રહી શકો, તો તમે બહુ આગળ ન વધી શકો, જ્યાં તમે તમારા નાનકડા, રોજિંદા, ટેવાયેલા જીવનનું દર્શન ગુમાવતા હો છો એવા પહેલા વળાંક આગળ જ જો તમે નિરાશ બની જાઓ અને યોગના કાર્યને ત્યજી દો, તો પછી તમે આગળ ન જ વધી શકો.

સહિષ્ણુતાનું સૌથી વધારે ભૌતિક રૂપ છે ખંત. જરૂર પડ્યે તે જ વસ્તુ તમારે હજાર વખત ફરી ફરી શરૂ કરવાની જરૂર પડતી હોય છે; ખંત સિવાય તેમ ન બની શકે. નિરાશ બનેલા લોકો મારી પાસે આવીને કહેતા હોય છે કે હું ધારતો હતો કે કામ પતી ગયું; પણ મારે તો તેની ફરી શરૂઆત કરવાની રહે છે! તેમને જવાબ આપવામાં આવે છે કે ''એ તો મામૂલી વાત છે. કદાચ તમારે સો વખત, હજાર વખત, તે જ કામની ફરી શરૂઆત કરવી પડશે. તમે એક ડગલું આગળ ભરો છો. અને માની લો છો કે હવે અમે સલામત છીએ, સુસ્થિર છીએ. પણ થોડા વખત પછી, તેની તે જ મુશ્કેલીને ફરી લઈ આવનાર કશુંક તમારામાં રહેલું હોય છે. તમે માની લો છો કે મેં સમસ્યાનો ઉકેલ કરી લીધો છે; પણ તમારે તે જ સમસ્યાનો ઉકેલ ફરી કરવો પડશે. થોડાક જુદા રૂપમાં, તે જ વસ્તુ ફરી તમારી સમક્ષ ઉપસ્થિત થશે; પણ સમસ્યા તેની તે જ હશે. તમારે નિશ્ચય કરવો જોઈએ કે લાખો વાર તે જ સમસ્યા ફરી ફરી પાછી આવશે, તો પણ હું તેનો ઉકેલ કરીને જ જંપીશ; હું તેના પર વિજય મેળવીશ.'' જો તમે આવો ખંત અને આવી સહિષ્ણુતા નહિ કેળવો તો તમે યોગ નહિ કરી શકો. સહિષ્ણુતા, ખંત અનિવાર્ય છે, તદ્દન અનિવાર્ય છે.

લોકોને સુંદર અનુભૂતિ થતી હોય છે અને તેઓ કહેતા હોય છે કે આહ, હવે મને વસ્તુ પ્રાપ્ત થઈ ગઈ! પછી તે અનુભૂતિ મળે છે, પછી ઘટતી ચાલે છે, આવૃત્ત બની જાય છે અને પછી કોઈક તદ્દન સામાન્ય, નીરસ વસ્તુ ઓચિંતી તમારી સમક્ષ આવી પડે છે અને તમારા માર્ગમાં અવરોધ ઊભો કરે છે. અને તમે કહેતા હો છો કે ''જો મારે ફરી તે જે વસ્તુ કરવાની હોય, તો પછી આ બધી પ્રગતિ કર્યાનો શો અર્થ? મારે હવે શા માટે ફરી પ્રયત્ન કરવો જોઈએ? મેં પ્રયત્ન કર્યો હતો, સફળતા પ્રાપ્ત કરી હતી, કાંઈક સિદ્ધ કર્યું હતું. અને હવે એવું બની ગયું છે કે જાણે મેં કશું જ કર્યું ન હોય! આ બધું નકામું છે, નિરર્થક છે.'' આનું કારણ એ હતું કે તમારામાં સહિષ્ણુતા ન હતી.

જો માણસમાં સહિષ્ણુતા હોય, તો તે કહે કે ''બધું બરાબર છે, ઠીક છે. જરૂર હશે તેટલી વખત હું ફરી ફરી શરૂઆત કરીશ. જરૂર હશે, તો હજાર વખત, દશ હજાર વખત, લાખ વખત, હું ફરી ફરી શરૂઆત કરીશ. પણ હું અંત સુધી જઈશ, માર્ગમાં કોઈ પણ અવરોધ મને અટકાવી નહિ શકે.''

આ સહિષ્ણુતા ખૂબ ખૂબ જરૂરી છે.

એટલે હું આ દરખાસ્ત રજૂ કરું છું : આપણે માનસશાસ્ત્રીય પરિપૂર્ણતાઓમાં સમર્પણને પ્રથમ, શિખર પર મૂકીએ છીએ. આપણે શ્રી અરવિન્દની વાત સ્વીકારી લઈશું કે પૂર્ણયોગ કરવા માટે, પ્રથમ માણસે ભગવાનને સંપૂર્ણપણે સમર્પણ કરવાનો નિશ્ચય કરવો જોઈએ.

બીજો કોઈ માર્ગ નથી, આ જ એક માર્ગ છે. પણ ત્યાર પછી સાધકમાં પાંચ માનસશાસ્ત્રીય ગુણો પરિપૂર્ણતાઓ હોવી જોઈએ. તે આ છેઃ

દિલની સચ્ચાઈ અથવા પારદર્શિતા

શ્રદ્ધા અથવા ભગવાનમાં વિશ્વાસ.

ભક્તિ અથવા આભારની લાગણી, કૃતજ્ઞતા.

હિંમત અથવા અભીપ્સા.

સહિષ્ણુતા અથવા ખંત.

સહિષ્ણુતાનું એક રૂપ છે—પોતાના નિશ્ચય પ્રત્યે વફાદારી. પોતાના નિશ્ચય પ્રત્યે વફાદારી એ સહિષ્ણુતા છે.

જો માણસ ખંતપૂર્વક આગળ વધતો જ રહે, તો તેને વિજય મળે છે. ખૂબ ખંતીલા માણસને જ વિજય પ્રાપ્ત થાય છે. (શ્રી માતૃવાણી ગ્રંથ-૮ પૃ. ૩૪થી ૪૦)

*

**પોતાના હાથમાં રહેલા પુષ્પ પર શ્રી માતાજી ધ્યાન કરે છે.**
**તે સુવર્ણરંગી ચંપાનું પુષ્પ છે.**

તમે આ પુષ્પને જોયું છે? તેને ચાર ચાર પાંખડીઓવાળી ત્રણ હારમાળાઓ હોય છે; કુલ બાર પાંખડીઓ હોય છે. અમે તેને ''અતિમાનસ માનસશાસ્ત્રીય પરિપૂર્ણતા'' નામ આપ્યું છે.

મેં તેને ત્રણ હારમાળાઓ છે તે બરાબર જોયું ન હતું. એક આવી નાની હારમાળા, પછી એક વધારે મોટી હારમાળા, અને પછી ત્રીજી એક તેથી પણ વધારે મોટી હારમાળા (પંક્તિ). તે ચાર ચાર પાંખડીઓના ક્રમમાં છે - ચાર પાંખડીઓ, વળી પાછી ચાર પાંખડીઓ, અને વળી પાછી ચાર પાંખડીઓ.

જો માણસ પ્રકૃતિનાં રૂપોમાં પ્રતીકમય અભિવ્યક્તિ જોવા માગતો હોય, તો તે એક કેન્દ્ર જોઈ શકે, જે પરમ સત્ય છે, અને તે ત્રિવિધ આવિર્ભાવ જોઈ શકે, કારણ કે 'ચાર'ની સંખ્યા આવિર્ભાવ સૂચવે છે. તે આવિર્ભાવ ત્રણ, એક ઉપર બીજું એમ, જગતોમાં પ્રગટ થાય છે. એક ખૂબ બાહ્ય જગત, જે વધારે મોટી પાંખડીઓ વડે સૂચિત થાય છે; તેનો રંગ બહુ હળવો હોય છે; તે ભૌતિક જગત છે. પછી પ્રાણમય જગત છે, પછી માનસિક જગત છે. અને કેન્દ્રમાં અતિમાનસ સત્ય છે.

બીજી અનેક પ્રકારની સમાનતાઓ તમે શોધી કાઢી શકો છો.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૮ : પૃ. ૧૪૭)

# સાધના માટે આવશ્યક ગુણો

એ વાત નિશ્ચિત છે કે તમે જે ગુણોનું વર્ણન કરો છો તે આધ્યાત્મિક માર્ગે જવા માટે મદદ રૂપ છે; અને તમે જે ક્ષતિઓને ગણાવો છો તેમાંની દરેક આ માર્ગ ઉપર એક ગંભીર વિઘ્નરૂપ હોય છે. આધ્યાત્મિક પ્રયત્નમાં સચ્ચાઈ ખાસ અનિવાર્ય છે, પરંતુ કુટિલતા એક સતત વિઘ્નરૂપ વસ્તુ છે. સાત્ત્વિક પ્રકૃતિને આધ્યાત્મિક જીવન માટે સૌથી લાયક અને તૈયાર પ્રકૃતિ ગણવામાં આવે છે, જ્યારે રાજસિક પ્રકૃતિ તેની કામનાઓ અને આવેગોને લઈને રૂકાવટ ઉપસ્થિત કરે છે. તેમ જ આધ્યાત્મિકતા દ્વંદ્વોથી પરની વસ્તુ ગણાય છે અને તેને માટે ઊર્ધ્વમાં ગતિ કરતી સાચી અભીપ્સા ખાસ જરૂરી વસ્તુ છે. અભીપ્સા, રાજસિક માણસ અથવા સાત્ત્વિક માણસમાં પણ આવે છે, જો તે આવે તો રાજસિક માણસ પોતાની ક્ષતિઓ અને કામનાઓ અને આવેગો પરથી ઊંચે ઊઠી શકે છે, જે રીતે બીજા પ્રકારનો માનવી (સાત્ત્વિક) પોતાના સદ્‌ગુણોથી ઉપર ઊઠીને દિવ્ય વિશુદ્ધિ અને દિવ્ય પ્રકાશ અને દિવ્ય પ્રેમ પ્રત્યે જઈ શકે છે. જ્યારે માનવી તેની નિમ્ન પ્રકૃતિ ઉપર વિજય પ્રાપ્ત કરે અને તેને પોતાની અંદરથી બહાર ફેંકી દે તો જ તે પ્રમાણે બની શકે, કારણ કે ફરીથી જો તેમાં તે પાછો પડે તો તે માર્ગચ્યુત થઈ જાય છે અથવા એટલું તો ચોક્કસ બને કે જ્યાં સુધી તે પાછો તેની નિમ્ન પ્રકૃતિમાં રહે ત્યાં સુધી તેની આંતર પ્રગતિ અટકી પડે, તેને લઈને જ મહાન પાપીઓનું પણ સંતોમાં પરિવર્તન થયેલું છે, નાના માણસો જેમનામાં કોઈ સદ્‌ગુણ ન હોય તેવા લોકો આધ્યાત્મિક સાધકોમાં અને પ્રભુ પ્રેમીઓમાં ફેરવાઈ ગયા છે તેવી વસ્તુ ધાર્મિક અને આધ્યાત્મિક ઇતિહાસમાં વારંવાર બનેલી ઘટનાઓ છે — દા.ત. યુરોપમાં સંત ઓગસ્ટિન, ભારતમાં ચૈતન્યના શિષ્યો જગાઈ અને મધાઈ અને બિલ્વમંગળ અને બીજા ઘણા માણસો. પ્રભુના ગૃહોના બારણાંઓ જે લોકો સચ્ચાઈથી ઠોકે છે તેમના માટે તે કદી બંધ હોતાં નથી, ભલે પછી ભૂતકાળમાં તે લોકોએ ગમે તેટલી ઠોકરો ખાધી હોય અને ભૂલો કરેલી હોય. માનવ સદ્‌ગુણો અને માનવ ભૂલો એ બન્ને એક દિવ્ય તત્ત્વનો એક પ્રકાશિત અને બીજો અંધકારમય બુરખો છે અને એક વખત તે દિવ્ય તત્ત્વ બુરખાને ભેદીને બહાર આવે તે પછી બન્ને તરફથી પ્રજ્જવલિત થઈ ઊઠે છે અને આત્માની ઊંચાઈઓ તરફ જાય છે.

પરમાત્મા પ્રત્યે નમ્રતા એ આધ્યાત્મિક જીવનનું પ્રથમ લક્ષણ છે અને આધ્યાત્મિક ગર્વ. ઉદ્ધતાઈ અથવા મિથ્યાભિમાન અને આત્મસ્થાપન સાધકને નીચે ધકેલે છે; પરંતુ પરમાત્મામાં શ્રદ્ધા અને પોતાની આધ્યાત્મિક નિયતિમાં શ્રદ્ધા (એટલે કે મારું હૃદય અને અંતરાત્મા પરમાત્માની શોધ કરે છે તેથી તેમને પ્રાપ્ત કરવામાં હું નિષ્ફળ નહિ થઉં) એ વસ્તુઓ આ માર્ગમાં આવતી મુશ્કેલીઓ માટે ખૂબ જરૂરી વસ્તુ છે. બીજાઓ પ્રત્યે ધિક્કારની ભાવનાને તો આમાં સ્થાન જ નથી, કારણ કે પરમાત્મા બધામાં રહેલો છે એટલે એ સ્પષ્ટ છે કે માનવીની

પ્રક્રિયાઓ અને અભીપ્સાઓ નાનીસૂની કે કિંમત વગરની નથી, કારણ કે સમગ્ર જીવન અંધકારમાંથી પ્રકાશ તરફ જવાનો આત્માનો વિકાસ છે. પરંતુ આપણું માનવ મન જે પ્રકારના સામાન્ય સાધનોને સ્વીકારે છે, જેવાં કે રાજકારણ, સામાજિક સુધારા, ભ્રાતૃભાવ ઇત્યાદિ તેમના વડે માનવજાતિ તેની મર્યાદાઓમાંથી બહાર નીકળીને વિકાસ સાધી શકશે નહિ — આ બધાં સાધનો કામચલાઉ અથવા સ્થાનિક ઉપશામક સાધનો બની શકે. સાચી મુક્તિમાં ચેતનાનું રૂપાંતર છે, સ્વરૂપનો એક વધારે મહાન, વધારે વિશાળ અને વધારે વિશુદ્ધ માર્ગ છે, તે આપણા જીવનના અને કાર્યના પાયાના પરિવર્તન ઉપર આધાર રાખે છે. એક વખત આધ્યાત્મિક નવસંસ્કરણ પૂર્ણ થાય પછી આપણી બધી શક્તિઓ તે માર્ગે વાળવી જોઈએ. આ વસ્તુમાં કોઈ ઘૃણા રહેલી નથી, પરંતુ જે સાધનો બિનઅસરકારક બન્યા છે તેનાથી વધારે અસરકારક સાધનો માટેની પસંદગી છે.

*

શ્રદ્ધા, સચ્ચાઈ, અભીપ્સા, ભક્તિ વગેરે જેવાં ગુણો આપણે જે પુષ્પો માટે સૂચક ભાષા વાપરીએ છીએ તેવા ગુણોની પૂર્ણતા તરફ લઈ જાય છે. સામાન્ય ભાષામાં તેમનો અર્થ જુદો જ થાય છે જેવો કે વિશુદ્ધિ, પ્રેમ, ઉપકારવૃત્તિ, વફાદારી અને બીજા બધા ઘણા ગુણોનો સમુદાય. (યોગ વિશે પત્રો - ૨ પૃ. ૫૫ અને ૫૬)

*

### *સાધનાનું સમગ્ર રહસ્ય*

*ઈશ્વરકૃપા તથા ઈશ્વરીય શક્તિ બધું જ કરી શકે છે.*
*પરંતુ 'તે' સાધકની સંપૂર્ણ સહમતી હોય તો જ એમ કરે છે.*
*આ સંપૂર્ણ સહમતી આવતાં શાખી જવું એ છે સાધનાનું સમગ્ર રહસ્ય.*

*શ્રી અરવિન્દ*

# સત્યનિષ્ઠા

**સત્યનિષ્ઠાનો અર્થ**

એક અનિવાર્ય શરત છે, સત્યનિષ્ઠા.

*

સત્યનિષ્ઠ હોવું એટલે શું ? સત્યનિષ્ઠા એટલે માત્ર દિવ્ય અસરનો જ સ્વીકાર કરવો અને નિમ્ન શક્તિઓની અસરનો અસ્વીકાર કરવો.

*

સત્યનિષ્ઠા એટલે ઈશ્વર પ્રતિ સમગ્રતયા વળવું અને માત્ર ઈશ્વરીય આવેશોનો સ્વીકાર કરવો.

*

**સાધનામાં સત્યનિષ્ઠા**

સત્યનિષ્ઠા, (દિલની સચ્ચાઈ) એ પ્રામાણિકતા કરતાં વધુ કંઈક છે. એનો અર્થ એ થાય કે તમે જે કહો છો તે પ્રમાણે કરો છો, તમે જેનો ઉપદેશ આપો છો એનું જ તમે આચરણ કરો છો. તમારા સંકલ્પમાં તીવ્રતાનો ભાવ રહેલો છે. સાધક જ્યારે ઈશ્વરનું કરણ બની રહેવાની અભીપ્સા સેવતો હોય છે, ઈશ્વર સાથે ઐકય સાધવાની અભીપ્સા સેવી રહ્યો હોય, એ અવસ્થામાં એની સત્યનિષ્ઠા (Sincerity) નો અર્થ એ જ થાય છે કે તે પોતાની અભીપ્સા માટે ગંભીર છે, સાચદિલ છે અને ઈશ્વરના સંકલ્પ તેમ જ ઈશ્વર માટેની પોતાની લાગણી સિવાય અન્ય સર્વ કંઈનો પરિત્યાગ કરી દે છે.

*

સત્યનિષ્ઠા (Sincerity) એટલે :

સ્વરૂપના કોઈપણ ભાગને ઈશ્વર પ્રત્યેની ઉચ્ચતમ અભીપ્સાને વિસંગત એવું કંઈ પણ કરવાની છૂટ આપવી નહિ.

*

પૂરેપૂરા સત્યનિષ્ઠ બની રહેવું એટલે માત્ર દિવ્ય સત્યની જ ઝંખના સેવવી, તમારી જાતનું શ્રી માતાજીને વધુને વધુ સમર્પણ કરવું અને આ એક અભીપ્સા સિવાયની બધી વ્યક્તિગત માગણીઓ તેમ જ ઇચ્છાઓનો પરિત્યાગ કરવો. જીવનનું પ્રત્યેક કર્મ ઈશ્વરને 'અર્પણ' કરવું અને પોતાના અહ્મને વચ્ચે લાવ્યા સિવાય, પ્રત્યેક કર્મ, એ આપણને ઈશ્વર દ્વારા સોંપવામાં આવેલું કર્મ છે, એ ભાવથી કરવું. સ્વરૂપના સર્વ ભાગોમાં એક નિરપેક્ષ, મુખ્ય એવી સત્યનિષ્ઠા એ છે એકમાત્ર શરત.... અને એનો અર્થ એ જ કે સત્ય અને કેવળ સત્યનો જ સંપૂર્ણ આગ્રહ સેવવો.

*

આ પૂર્ણ સચ્ચાઈ (સંવાદપૂર્ણ સચ્ચાઈ) કેવળ ચૈત્ય પુરુષ અને એકાત્મલક્ષી આધ્યાત્મિક અભીપ્સા જ મેળવી આપી શકે એમ છે.

*

આ યોગ (પૂર્ણયોગ) માટે એક જ અનિવાર્ય શરત છે, સત્યનિષ્ઠા, દિલની સચ્ચાઈ (Sincerity)

*

....અને માટે જ આ યોગમાં અમે દિલની સચ્ચાઈ (Sincerity) માટે આટલો બધો આગ્રહ સેવીએ છીએ.

*

સર્વ સત્યનિષ્ઠ અભીપ્સાનું પરિણામ આવતું હોય છે, તમે દિવ્ય જીવનમાં વિકાસ પામશો. (CWSA 29 : 50-51)

*


સરળતા એટલે વ્યક્તિએ પોતાની જાત સાથે પ્રામાણિક રહેવું અને ઈશ્વર સાથે પ્રામાણિક રહેવું પોતાની રીતરસમોમાં કુટિલ ન થવું.

સ્વ-સમર્થન એ છે ભૂલનો સ્વીકાર કરવાની અનિચ્છા. પોતાની જાતને સાચી પુરવાર કરવી અને તે પણ શ્રી માતાજીએ એમ ન કરવા જણાવ્યું હોય છતાં એમ કરવું એ છે સ્વ-સમર્થન. (CWSA 29 : 51-54)

*

*તપસ્યાથી કરો કે સમર્પણથી, એ અગત્યનું નથી. લક્ષ્ય પ્રત્યે પૂર્ણ રીતે અભિમુખ રહેવું અને મક્કમ રહેવું એ એકમાત્ર અગત્યની વસ્તુ છે. એક વખત માણસ આ માર્ગ ઉપર પોતાનો પગ મૂકે ત્યાર પછી શા માટે તેનાથી નીચલી કોટિની વસ્તુ તરફ પગલાં ફેરવે? જો માણસ અડગ રહે, તો તેણે સ્ખલનો માટે ચિંતા ન કરવી, તે ફરીથી ઊભો થઈ જાય છે અને આગળ ચાલે છે. જો માણસ પોતાના લક્ષ્ય પ્રત્યે અડગ હોય તો પરમાત્માના માર્ગ ઉપર છેવટે કદી નિષ્ફળતા મળતી નથી. જો તમારી અંદર એવી કોઈ વસ્તુ હોય જે ખાતરીબંધ રીતે આગળ ધપતી જાય, તો ઠોકરો અથવા પતનો અથવા શ્રદ્ધાની નિષ્ફળતા કોઈ પણ છેવટે રહેતાં નથી. જ્યાં સુધી સંઘર્ષ પૂરો ન થાય ત્યાં સુધી, આગળ ચાલ્યા જ કરવાનું છે અને આપણી આગળ સરળ, ખુલ્લો અને કંટકવિહીન માર્ગ છે જ.*

(યોગ વિશે પત્રો - ૨ પૃ. ૧૩૬)



*પ્રભુ સર્વ કાંઈ કરી શકે છે – હૃદય અને પ્રકૃતિને શુદ્ધ કરી શકે છે, આંતર ચેતના જાગ્રત કરી શકે છે અને અંતરના પડદાઓને ખોલી આપે છે— જો તમે તમારી જાતનું પ્રભુને વિશ્વાસ અને ભરોસાપૂર્વક સમર્પણ કરો તો. અને તમે આ સર્વ વસ્તુઓ એકદમ પૂર્ણપણે ન કરી શકો તો પણ જેમ જેમ આ વસ્તુઓ વધારે પ્રમાણમાં તમે કરતા જાઓ છો તેમ તેમ આંતરિક મદદ અને માર્ગદર્શન તમને વધારેને વધારે પ્રમાણમાં મળતું જાય છે અને પ્રભુની અનુભૂતિનો અંતરમાં વિકાસ થતો જાય છે. જો શંકાશીલ મન જરા ઓછું સક્રિય અને નમ્ર બને અને સમર્પણનો સંકલ્પ વિકાસ પામે તો આ વસ્તુ પૂર્ણપણે શક્ય બનવી જોઈએ. પછી બીજું કોઈ બલ કે તપસ્યાની જરૂર નથી, ફક્ત આટલું જ કરવાનું રહે છે.*

**શ્રી અરવિન્દ**

(CWSA 29 : 69)

# અભીપ્સા

**અભીપ્સાનું મહત્ત્વ**

હૃદયમાંથી એક સરળ, સાદો, સીધો અને અંતરની સચ્ચાઈવાળો સાદ અને અભીપ્સા પ્રકટ થાય તે એક માત્ર અગત્યની વસ્તુ છે અને અન્ય કોઈ પ્રકારની શક્તિઓ કરતાં તે વધુ પ્રમાણમાં જરૂરી અને ફલદાયી હોય છે.

*

સાધકે માત્ર નિષ્ઠાપૂર્વક અભીપ્સા કરવાની છે અને પોતાની જાતને જેટલી શક્ય હોય એટલી રીતે શ્રી માતાજીની શક્તિ પરત્વે ખુલ્લી રાખવી. પછી જે કોઈ મુશ્કેલીઓ આવશે તે દૂર થઈ જશે — એને માટે થોડો સમય લાગે, પણ પરિણામ નિશ્ચિત હોય છે.

*

શ્રી માતાજીની શક્તિ આસપાસ સર્વત્ર વ્યાપ્ત છે એમ ધારી લઈને સાધકે એ શક્તિનું પોતાની અંદર આહ્વાન કરવાનું હોય છે. સાધક જો શક્તિનો અનુભવ કરે તો એ ઘણું સારું; પરંતુ જો એ અનુભવ ન પણ કરે અને સાધકની અંદર જો શ્રદ્ધા હોય અને એના પુકારમાં અસરકારકતા હોય તો શ્રી માતાજીની શક્તિ એની અંદર પ્રવેશી શકે છે.

*

અભીપ્સા એ સ્વરૂપનો ઉચ્ચ વસ્તુઓ માટેનો, — ઈશ્વર પ્રત્યેનો તેમ જ ઉચ્ચ તથા દિવ્ય ચેતનાને લગતી બધી જ વસ્તુઓ પ્રત્યેનો — પુકાર છે.

*

અભીપ્સા એ કોઈ ઇચ્છાના સ્વરૂપમાં ન હોવી જોઈએ, પરંતુ એ અંતરાત્માની જરૂરિયાતની લાગણી સ્વરૂપે તેમ જ ઈશ્વર પ્રત્યે અભિમુખ થવા માટેના અને ઈશ્વરપ્રાપ્તિ માટેના સ્થિર સંકલ્પ સ્વરૂપે હોવી જોઈએ.

*

**અભીપ્સા અને ખેંચવાની ક્રિયા**

પોતાને માટે વસ્તુઓ પ્રાપ્ત કરવાની કામનામાંથી શક્તિના ખેંચાણની ક્રિયા ઉદ્ભવે છે. અભીપ્સા એટલે ઉચ્ચ ચેતના માટે સ્વાર્પણની ભાવના, જેથી ઉચ્ચ ચેતનાનું અવતરણ થઈ શકે અને તે સ્વરૂપને આવરી લે — પુકાર જેટલો વધુ તીવ્ર એટલું જ સ્વાર્પણ સંપૂર્ણ.

*

પ્રકાશને બળપૂર્વક નીચે ઉતારી લાવવો, એને નીચે ખેંચી લાવવો એ નિશ્ચિતપણે ભૂલ છે અતિમાનસને આક્રમણ કે હલ્લો કરીને મેળવી શકાય નહિ. સમય જ્યારે પાકશે ત્યારે અતિમાનસ આપમેળે અભિમુખ થશે, પરંતુ તે પહેલાં ઘણું બધું કરવાનું રહે છે અને એ બધું ધીરજપૂર્વક, ઊતાવળ વગર થવું જોઈએ. (CWSA 29 : 55-56 & 61)

# સમર્પણ

**સમર્પણ એટલે શું?**

આપણે જેને 'સમર્પણ' કહીએ છીએ તે શબ્દ અંગ્રેજીમાં Surrender શબ્દ દ્વારા ઓળખાય છે – જે 'સમર્પણ' શબ્દનો પૂર્ણ પર્યાય નથી.

સમર્પણ એટલે પોતે જે કંઈ છે, પોતાની પાસે જે છે, તથા પોતાની અંદર જે કંઈ છે તે સર્વસ્વ પ્રભુને નૈવેદ્યરૂપે ધરી દેવું. પોતાના વિચારો, ઇચ્છાઓ, ટેવો વિ. નો આગ્રહ સેવવાનો નહિ, પરંતુ તે બધાંને સ્થાને દરેક જગ્યાએ દિવ્ય સત્યને પોતાનાં, જ્ઞાન, સંકલ્પ અને કાર્યને પ્રસ્થાપિત કરવાની છૂટ આપવી.

*

સમર્પણ... પોતાની જાતનું તથા પોતે જે કાંઈ હોય તે સર્વનું અને પોતાની પાસે જે કાંઈ હોય તેનું તથા ચેતનાના એકએક સ્તરનું તથા એકેએક ક્રિયાનું પ્રભુને તથા તેની શક્તિને સમર્પણ કરવું જોઈએ.

*

સમર્પણ એ અંતઃકરણની ક્રિયા છે, મન, પ્રાણ અને શરીર — સર્વેને ઉદ્‌ઘાટિત કરીને શ્રી માતાજીને સોંપવા — જેથી તેઓ એ સર્વેને પોતાનાં જ ગણી સ્વીકારે અને તેમનું તેમનાં સત્ સ્વરૂપમાં પુનઃ નિર્માણ કરે; કે જે સ્વરૂપ ઈશ્વરનો જ અંશ છે. બાકીનું સર્વ કાંઈ એના પરિણામ સ્વરૂપે થતું રહે છે.

*

સમર્પણ સર્વાંગી હોવું જોઈએ તથા સાધકની ચેતનાના એકેએક વિભાગમાં તેનો અધિકાર જામવો જોઈએ. ચૈત્ય પુરુષ યાને અંતરાત્મા સમર્પણના ભાવનો પ્રત્યુત્તર આપે અને માનસિક ચેતનાનો ઉપરનો સ્તર સમર્પણનો સ્વીકાર કરે, અથવા તો, અંતરની પ્રાણમય ચેતના એને વશ થાય તથા સૂક્ષ્મ અન્નમય ચેતના સુધી સમર્પણની અસર પહોંચે એટલું જ પૂરતું નથી. સાધકની પ્રકૃતિનો કોઈ પણ ભાગ — સૌથી બહિર્મુખ, સ્થૂલ ભાગ પણ — એવો ન રહેવો જોઈએ જે પોતાનું કશું પણ સમર્પણમાંથી બાકી રાખે કે તેને માટે શરત કરે, યા તો જે શંકાના, ગૂંચવાડાના કે અવ્યવસ્થાના ખોટા બહાના પાછળ છુપાઈ રહે, સાધકમાં એવું કાંઈ ન જોઈએ કે સમર્પણ કરવાની ભાવના સામે બળવો કરે યા તેનો ઇનકાર કરે.

*

સમર્પણ એ નિષ્ક્રિય શરણાગતિ માત્ર નથી પરંતુ એક સક્રિય આત્માર્પણ છે; દરેક વસ્તુમાં ઈશ્વરના સંકલ્પને જોવો અને એનો સ્વીકાર કરવો એટલું જ નહિ, પરંતુ પોતાના સ્વામીના કરણ બની રહેવાને વ્યક્તિગત સંકલ્પને ત્યજી દેવો એ છે સમર્પણ.

*

જે લોકો ઈશ્વરને પોતાના સર્વ ભાગોમાં નિઃશેષ સમર્પણ કરી દે છે તેમને પ્રભુ પોતાની જાત આપી દે છે. એ લોકોને માટે પછી શાન્તિ, પ્રકાશ, શક્તિ, મુદા, સ્વતંત્રતા, વિશાળતા, જ્ઞાનની ઉત્તુંગતા અને આનંદના સાગરો ઉપલબ્ધ બને છે.

*

બે શક્યતાઓ છેઃ અંગત પ્રયત્ન દ્વારા વિશુદ્ધિ, જેને ઘણો લાંબો સમય લાગે છે. અને બીજી શક્યતામાં પ્રભુકૃપા જ સીધેસીધી વચ્ચે પડીને ઝડપી કાર્ય કરે. બીજી વસ્તુ માટે પૂર્ણ સમર્પણ અને આત્માર્પણ જોઈએ અને તેને માટે પણ જરૂરી એક એવું મન જોઈએ જે શાંત અને સ્થિર રહે અને દિવ્ય બલને જે કાર્ય કરવું હોય તેને દરેક પગલે અનુમતિ આપે અને વળગી રહે. આ છેલ્લી અવસ્થા જેને રામકૃષ્ણ બિલાડીના બચ્ચાંનું વલણ કહેતા હતા તે અવસ્થા પ્રાપ્ત કરવી મુશ્કેલ છે, જે લોકો પોતાના વિચાર અને સંકલ્પ વડે ખૂબ સક્રિય રીતે દરેક કાર્ય કરવા ટેવાયેલા હોય છે, તેઓને માટે પોતાની સક્રિયતાને શાંત કરીને મનોમય આત્માર્પણની સ્થિરતા ધારણ કરવાનું કાર્ય ખૂબ મુશ્કેલ લાગે છે. આનો અર્થ એવો નથી કે તેઓ યોગ ન કરી શકે અથવા આત્માર્પણ ન કરી શકે — ફક્ત વિશુદ્ધિકરણ અને આત્માર્પણને સિદ્ધ કરવા માટે લાંબો સમય લાગે છે અને આવી વ્યક્તિમાં ખૂબ ધીરજ અને ખંત તથા નિશ્ચયબળ હોવાં જોઈએ જેથી તે પોતાના માર્ગે ધ્યેયને પહોંચી શકે. (યોગ વિશે પત્રો - ૨ પૃ. ૯૬)

*

શ્રદ્ધા, પ્રભુ ઉપર ભરોસો, સમર્પણ અને ઈશ્વરીય શક્તિને સ્વાર્પણ જરૂરી તેમ જ અનિવાર્ય છે. પરંતુ પ્રભુ ઉપર ભરોસો તે પ્રમાદ, નબળાઈ તેમ જ નિમ્ન પ્રકૃતિના આવેગોને સમર્પિત થઈ જવા માટેનું બહાનું ન જ બનવું જોઈએ.

... ઈશ્વર પરત્વેનું સમર્પણ, પોતાની અંગત કામનાઓને નિમ્ન ગતિવિધિઓને સમર્પિત થવાનું બહાનું, ઓઠું કે પ્રસંગમાં તબદીલ ન જ થઈ જવું જોઈએ. અથવા તો ઈશ્વરનું મહોરું ધારણ કરીને આવનાર અજ્ઞાન અને અંધકારના બળને કે પોતાના અહંને સમર્પિત થવાનું કારણ ન જ બનવું જોઈએ. (CWSA 29 : 67, 86, 87)

*

## સમર્પણની પ્રક્રિયા

સમર્પણ એકદમ કરી શકાતું નથી — એ એટલું સહેલું નથી. કારણ સ્વરૂપની અંદર એવી ઘણી વસ્તુઓ રહેલી હોય છે, જે પ્રતિકાર કરતી હોય છે. પણ સાધકની અંદર સમર્પણ કરવાનો સંકલ્પ તો હોવો જ જોઈએ. કરણ બની રહેવા બાબત પણ આ જ નિયમ લાગુ પડે છે. સાધકની અંદર સંકલ્પ હોય અને શ્રી માતાજીને એ પુકાર કરે અને શક્ય હોય એટલી માત્રામાં પોતાના સ્વરૂપને શ્રી માતાજી પ્રતિ ખુલ્લું કરે તો પછી ધીરે ધીરે આ વસ્તુઓ પ્રકૃતિમાં વિકાસ પામતી હોય છે.

*

સમર્પણની પ્રક્રિયા એ જાતે જ એક તપસ્યા છે. એટલું જ નહિ પણ વાસ્તવિકતામાં તપસ્યા અને વધ્યે જતા સમર્પણની બેવડી પ્રક્રિયા લાંબો સમય ચાલુ રહેતી હોય છે; સમર્પણનો

આરંભ ઘણી સારી રીતે થયો હોય ત્યારે પણ આમ બનતું હોય છે. પણ એવો સમય આવે છે જ્યારે સાધકને હાજરી અને શક્તિની અનુભૂતિ સતત થતી રહેતી હોય છે અને સાધક વધુને વધુ એ અનુભવતો જાય છે અને એ હાજરી તથા શક્તિ જ બધું કરતી હોય છે એમ પણ તે અનુભવે છે... આ હોય છે ઈશ્વરના હાથમાં પ્રકૃતિનું પૂર્ણ સમર્પણ થયું હોય છે તેની નિશાની.

*

## સમર્પણનું હાર્દ

હું સમર્પણનો અર્થ મન અને પ્રાણનું આંતરિક સમર્પણ કરું છું. અલબત્ત બાહ્ય સમર્પણ પણ છે; જે કોઈ વસ્તુ આત્માની સાથે સંઘર્ષમાં હોય, તે સર્વનો ત્યાગ કરવો અથવા સાધના, અર્પણ અને પરમાત્મા તરફથી આવતા માર્ગદર્શનને આજ્ઞાધીનતા વગેરેની તેમાં જરૂર છે અને જો અમુક અવસ્થાએ પહોંચેલા હોઈએ તો સીધી રીતે પ્રભુના માર્ગદર્શનનો સ્વીકાર કરવો અથવા ચૈત્ય પુરુષ મારફતે આજ્ઞા સ્વીકારવી અથવા ગુરુના માર્ગદર્શનને સ્વીકારવું. હું એમ કહી શકું કે **પ્રાયોપવેશના** (લાંબા સમય સુધી ઉપવાસ કરવા) ને સમર્પણ સાથે કોઈ સંબંધ નથી. તે એવા પ્રકારની તપસ્યા છે જે ઘણી કઠિન છે અને મારા અભિપ્રાય મુજબ વધારે કષ્ટદાયક છે અને ઘણી વખત જોખમી છે.

આંતર સમર્પણનું હાર્દ પ્રભુમાં વિશ્વાસ અને શ્રદ્ધા છે. માણસ એવું વલણ રાખે છેઃ ''મારે પ્રભુ જ જોઈએ છીએ અને સિવાય બીજું કાંઈ નહિ. મારી જાતને મારે તેને જ સમગ્રપણે અર્પણ કરવી છે, કારણ કે મારો આત્મા તેવી ઇચ્છા રાખે છે અને તેથી તેને હું અચૂક મળી શકું અને તેનો સાક્ષાત્કાર કરી શકીશ. તે સિવાય હું બીજી કોઈ વસ્તુની માગણી કરતો નથી અને તેનું કાર્ય મારી અંદર એ પ્રકારે ચાલે છે કે તે મને તેના પ્રત્યે લઈ જશે. ભલે પછી તેનું કાર્ય ગુપ્ત હોય કે ખુલ્લું હોય, ઢંકાયેલું હોય કે આવિર્ભાવ પામેલું હોય, હું તેનામાં વિશ્વાસ રાખીશ, તેના સંકલ્પને સ્વીકારીશ, તેના પ્રકાશ, હાજરી અને આનંદ માટે સ્થિર રીતે અભીપ્સા કરીશ. બધી જ મુશ્કેલીઓ અને ઢીલોમાંથી પસાર થઈ જઈશ — તેના ઉપર જ આધાર રાખીશ અને કદી તેને છોડીશ નહિ. મારું મન શાંત થાઓ અને તેનામાં વિશ્વાસ રાખો અને તેના પ્રકાશ પ્રત્યે ખુલ્લું થ ાઓ; મારો પ્રાણ શાંત પડો અને કેવળ તેના પ્રત્યે જ વળો અને તેને પ્રભુની સ્થિરતા અને આનંદ પ્રત્યે વળવા દો, તેને માટે દરેક વસ્તુ છે અને હું પોતે તેનો જ છું. જે કાંઈ બને છે, તેમાં હું આ અભીપ્સાને પકડી રાખીશ તથા આત્માર્પણ કરીશ અને પૂર્ણ આધાર સહિત હું એવી રીતે પ્રગતિ કર્યા કરીશ કે તે વસ્તુ ચોક્કસ બનશે જ.''

વ્યક્તિએ તે પ્રકારના વલણમાં વિકાસ સાધવો પડશે; કારણ કે ચોક્કસપણે તે વસ્તુ તાત્કાલિક સંપૂર્ણ ન બની શકે — મનોમય અને પ્રાણમય ગતિઓ વચ્ચે દખલ કરે છે — પરંતુ વ્યક્તિ જો તે પ્રમાણે કરવાનો સંકલ્પ ચાલુ રાખે, તો તે સ્વરૂપમાં વિકાસ પામશે. બાકી બધી વસ્તુઓ માટે જ્યારે માર્ગદર્શન પ્રાપ્ત થાય ત્યારે તેની પ્રત્યે આજ્ઞાધીનતા રાખવાની છે અને પોતાની મનોમય અને પ્રાણમય ગતિઓને તેની અંદર દખલ કરવા દેવી નહિ.

(યોગ વિશે પત્રો - ૨ પૃ. ૯૧-૯૨)

# શ્રદ્ધા

## શ્રદ્ધા, માન્યતા, વિશ્વાસ અને ભરોસો

અંગ્રેજી શબ્દ Faith એ છે સામાન્ય શબ્દ. શ્રદ્ધા — સંસ્કૃત શબ્દનો અર્થ થાય છે : ઈશ્વરના અસ્તિત્વમાં, એમની પ્રજ્ઞામાં — એમના પ્રેમ અને એમની કૃપામાંની આત્માની માન્યતા—શ્રદ્ધા. વિશ્વાસ અને ભરોસો પરિણમે છે શ્રદ્ધાને લઈને, એ છે શ્રદ્ધાનાં પાસાંઓ.

વિશ્વાસ, નિશ્ચિતતાની એવી લાગણી કે નિષ્ઠાપૂર્વક પુકાર કરવામાં આવે તો ઈશ્વર એનો પ્રત્યુત્તર આપશે અને મદદ કરશે. અને એવી લાગણી અનુભવવી કે ઈશ્વર જે કરે છે તે સારા માટે કરે છે.

ઈશ્વર તેમ જ ઈશ્વરના માર્ગદર્શન અને એમના રક્ષણ પર મન અને હૃદયની સંપૂર્ણ નિર્ભરતા એ છે ભરોસો.

*

શ્રદ્ધા — સક્રિય એવી સમગ્ર માન્યતા અને સ્વીકાર.

માન્યતા — માત્ર બુદ્ધિજન્ય સ્વીકૃતિ.

ખાતરી — સારો તર્ક લાગે એવી વસ્તુના આધારે ધારણ કરેલી બુદ્ધિજન્ય માન્યતા.

નિર્ભરતા — ભરોસો રાખી અન્ય ઉપર નિર્ભર રહેવું.

ભરોસો — અન્ય વ્યક્તિના વચન ઉપર, એના ચારિત્ર્યને લીધે વિશ્વાસ હોવાથી એ વ્યક્તિની મદદ નિશ્ચિતપણે મળી રહેશે એવી અપેક્ષાની લાગણી.

વિશ્વાસ — ભરોસાની સાથે રહેતી સુરક્ષિતપણાની લાગણી. (CWSA 28 : 345)

*

## શ્રદ્ધા અનુભૂતિ ઉપર આધારિત નથી

તમે જણાવો છો કે તમારામાં શ્રદ્ધા નથી અને અનુભૂતિ ન થાય ત્યાં સુધી તમે શ્રદ્ધા કેળવી પણ ન શકો એ વિશે હું તમને કંઈક કહેવા માગું છું. સૌ પ્રથમ, શ્રદ્ધા અનુભૂતિ ઉપર આધારિત નથી, એ એવી વસ્તુ છે જે અનુભૂતિ થતાં અગાઉ પણ રહેલી હોય છે. વ્યક્તિ જ્યારે યોગ કરવાની શરૂઆત કરે છે તે શ્રદ્ધાના બળે; અનુભૂતિના જોરે નહિ. યોગમાં અને આધ્યાત્મિક જીવનમાં જ નહિ; પરંતુ સામાન્ય જીવનમાં પણ વ્યક્તિ શ્રદ્ધાના બળે કાર્ય કરતી હોય છે. બધા કર્મવીરો, શોધખોળ કરનારાઓ, જ્ઞાનના સર્જકો શ્રદ્ધાના બળે જ આગળ વધતા હોય છે... શ્રી રામકૃષ્ણને જ્યારે એમ પૂછવામાં આવ્યું હતું કે અંધશ્રદ્ધા એ શું ખોટી વસ્તુ નથી ? ત્યારે તેઓએ તો એમ જણાવ્યું હતું કે અંધશ્રદ્ધા જ હોવી જોઈએ. કારણ શ્રદ્ધા કાં તો આંધળી હોય અથવા તો પછી શ્રદ્ધા હોય જ નહિ — પછી તો શ્રદ્ધાને બદલે એ કોઈ બીજી જ વસ્તુ હોય — તર્કયુક્ત નિષ્કર્ષ, પુરવાર કરાયેલી ખાતરી, અથવા તો ખાતરીપૂર્વકની માહિતી.

આપણી અંદર આધ્યાત્મિક વિકાસથી વિમુખ થયેલી એવી નાસ્તિક શંકા રહેલી હોય,

તેમ જ સંકુચિત, ક્ષુદ્ર પ્રકારની નિંદા કરનારી અને વિનાશક બુદ્ધિ અસૂયાની સતત દોષદૃષ્ટિ રહેલી હોય તેના કરતાં તો આંધળી તથા અજ્ઞાનભરી શ્રદ્ધા હોવી એ વધુ સારું છે.

(SABCL 21 : 746)

*

## શ્રદ્ધા અનુભૂતિ ઉપર આધારિત નથી

જે હજુ સુધી આવિર્ભાવ પામ્યું નથી, જેનો સાક્ષાત્કાર હજુ થયો નથી કે જેની હજુ પ્રાપ્તિ થઈ શકી નથી એવી કોઈક વસ્તુના હોવા વિશેની આત્મા જે સાક્ષી પૂરે છે, એ છે શ્રદ્ધા; આપણા અંતરમાં રહેલ અંતર્યામી, કોઈ પણ નિર્દેશ કે ચિહ્નની સંપૂર્ણ ગેરહાજરીમાં પણ જે વસ્તુનું અનુસરણ તેમ જ જેની પ્રાપ્તિને સર્વોત્તમ, મેળવવા પાત્ર ગણે છે તે છે શ્રદ્ધા. આપણા મનમાં જ્યારે કોઈ અચળ માન્યતા હોતી નથી અને પ્રાણ જ્યારે મુશ્કેલીમાં હોય છે તથા બંડ કરતો નથી અને ઇનકાર કરતો હોય છે ત્યારે પણ આપણા અંતરમાં રહેલી આ વસ્તુ (શ્રદ્ધા) ટકી જ રહેતી હોય છે.

*

આવિર્ભાવમાં જેનો હજુ સાક્ષાત્કાર થયો નથી એ સત્ય, તથા સાચા વિચારની, નિમ્ન ચેતનામાં થતી પ્રતિક્રિયાત્મક ક્રિયા.... એ છે શ્રદ્ધા....

*

મનનું અજ્ઞાન, શંકા, એની નબળાઈઓ તેમ જ અનિશ્ચિતતાઓ વચ્ચે આત્મામાંથી પ્રકટ થતી ગૂઢ જ્યોતિ અને શક્તિ... એ છે શ્રદ્ધા.

*

આ શ્રદ્ધા (અંગ્રેજી શબ્દ Faith એને અભિવ્યક્ત કરવા માટે અપૂરતો છે) એ વાસ્તવમાં પરમાત્માનો પ્રભાવ છે અને એનો પ્રકાશ તે આપણી નિમ્ન પ્રકૃતિને પોતાની વર્તમાન ક્ષુદ્ર અવસ્થામાંથી મહત્તર આત્માવસ્થા અને આત્મઅતિક્રમણ પ્રતિ ઊર્ધ્વારોહણ કરવા પુકાર કરી રહેલ છે.

*

## યોગ માટે જરૂરી એવી શ્રદ્ધા

યોગ માટે જરૂરી એવી પાયાની શ્રદ્ધા, જે આત્મામાં અંગભૂત રહેલી છે, એ છે : ઈશ્વરનું અસ્તિત્વ છે અને એ જ એક પ્રાપ્ત કરવા લાયક વસ્તુ છે – એની સરખામણીમાં જીવનમાં બીજું એવું કંઈ નથી જે મેળવવા પાત્ર છે. જ્યાં સુધી માણસમાં આ શ્રદ્ધા હશે ત્યાં સુધી એ આધ્યાત્મિક જીવન માટે અચૂક યોગ્ય ઠરશે. હું તો એમ જણાવીશ કે એ માણસની પ્રકૃતિમાં અવરોધો, ઇનકાર તેમ જ મુશ્કેલીઓ સંપૂર્ણપણે ભરેલાં હશે, વર્ષો સુધી એ ભારે જહેમત ઉઠાવતો રહેતો હશે, તો પણ આ શ્રદ્ધાને લઈને એ આધ્યાત્મિક જીવનમાં નિઃસંશયપણે સફળ રહેશે.

*

તમારે આ શ્રદ્ધાને કેળવવાની જરૂર છે — જે શ્રદ્ધા તર્ક અને સામાન્ય બુદ્ધિ સાથે સુસંગત છે — જો ઈશ્વરનું અસ્તિત્વ હોય અને તેઓ જ તમને આ માર્ગમાં લાવ્યા હોય (જે સ્પષ્ટ છે) તો પછી તમારે માટે ઈશ્વરનું માર્ગદર્શન પણ છે જ, જે તમને બધી મુશ્કેલીઓ હોવા છતાં પાર ઉતારશે...

... મોટી મુશ્કેલીઓ છે એટલે સફળતા ના મળે, અથવા તો હજુ સુધી પરમાત્મા સાક્ષાત્ થયા નથી એટલે કદાપિ એમનો સાક્ષાત્કાર થશે જ નહિ એમ માની લેશો નહિ. પરંતુ જેઓ મહાન અને મુશ્કેલ એવું ધ્યેય પસંદ કરતા હોય છે ત્યારે તેઓ જે રીત અપનાવતા હોય છે તે જ રીત તમે અપનાવો : *'હું સફળતા પ્રાપ્ત કરીશ ત્યાં સુધી પ્રયત્નો ચાલુ રાખીશ — મુશ્કેલીઓ ભલે ગમે તે હોય.' અને ઈશ્વરમાં શ્રદ્ધા રાખનાર વધુમાં ઉમેરે છે : 'ઈશ્વરનું અસ્તિત્વ છે, ઈશ્વરની મારી શોધમાં હું નિષ્ફળ જઈ શકું નહિ. ગમે તે થાય, હું એમને શોધી નાખુ નહિ ત્યાં સુધી પ્રયત્નો જારી રાખીશ.'* (SABCL 23 : 573)

*

આ યોગમાં માત્ર એક જ પદ્ધતિ છે. તમારી જાતને એકાગ્ર કરીને—આ એકાગ્રતા હૃદયમાં કરવી વધુ ઠીક છે—શ્રી માતાજીની શક્તિનું અને તેમના સાંનિધ્યનું આવાહન કરો અને તેમને પ્રાર્થના કરો કે તેઓ તમને પોતાના હાથમાં લઈ લે અને તેમની શક્તિના કાર્ય દ્વારા તમારી ચેતનાનું રૂપાંતર સાધી આપે. મસ્તકની અંદર યા તો ભ્રમરની વચ્ચે પણ એકાગ્રતા કરી શકાય છે. પણ ઘણા લોકો આરંભમાં આ વસ્તુ કરી શકતા નથી. તેમને તે ઘણું કઠણ લાગે છે. આવી એકાગ્રતાને પરિણામે મન જ્યારે તદ્દન શાંત પડી જાય, એકાગ્રતા ખૂબ જ જોરદાર બનવા માંડે અને અભીપ્સા તીવ્ર બનવા લાગે ત્યાર પછી અનુભૂતિનો આરંભ થાય છે. શ્રદ્ધા જેટલી વધુ, તેટલું પરિણામ પણ વધુ ઝડપી બનવા સંભવ છે. આથી આગળની વસ્તુઓ માટે સાધકે કેવળ પોતાના જ પુરુષાર્થ પર આધાર રાખવાનો નથી. સાધકે પ્રભુની સાથે સંબંધ સ્થાપવાનો છે, અને શ્રી માતાજીની શક્તિ અને સાંનિધ્યને ઝીલવા માટેની શક્તિ મેળવવામાં સફળ થવાનું છે.

(શ્રી માતાજી : દિવ્ય સ્વરૂપ - પૃ. ૨૨-૨૩)

*

**ગુરુમાં શ્રદ્ધા**

ગુરુ સાધક માટે શું કરી શકે છે તેનો આધાર શિષ્યની ગ્રહણશીલતા પર રહેલો છે — સાધનાની કોઈ પદ્ધતિ કે નિયમ ઉપર એનો આધાર રહેલો નથી. અમુક મનોમય પરિસ્થિતિઓ અને ચેતનાનાં વલણો ગ્રહણશીલતામાં વધારો કરે છે — દા.ત. ગુરુ પરત્વેની વિનમ્રતા, ભક્તિ, આજ્ઞાધીનતા, વિશ્વાસ, ગુરુની અસર પરત્વેની અમુક ગ્રહણશીલ નિષ્ક્રિયતા. આનાથી વિરુદ્ધની વસ્તુઓ (ગુણો) ગ્રહણશીલતામાં ઘટાડો કરે છે.... પરંતુ મુખ્ય વસ્તુ છે : ચેતનામાં એક પ્રકારની મનોમય અભિમુખતા જે આપોઆપ પ્રાપ્ત થતી હોય છે. અથવા એમાં વધારો થતો હોય છે — ગ્રહણશીલતા કેળવવાના સંકલ્પ વડે તથા યોગ્ય વલણ દ્વારા એમ કરી શકાય. આમ જો હોય તો ગુરુ પાસેથી કંઈ ખેંચીને લેવાની ક્રિયા જરૂરી

નથી. માત્ર શાન્તભાવે ગ્રહણ કરતા રહેવાનું. (CWSA 29 : 190-91)

*

## આંતર સ્વરૂપનું પ્રત્યક્ષ જ્ઞાન એ છે શ્રદ્ધા

શ્રદ્ધા એટલે બાહ્ય હકીકતોમાંની મનોમય માન્યતા નહિ. શ્રદ્ધા એટલે આધ્યાત્મિક વસ્તુઓ વિશેનું આંતર સ્વરૂપનું પ્રત્યક્ષ જ્ઞાન... શ્રી રામકૃષ્ણે શ્રદ્ધા માટે વાપરેલ 'અંધ' વિશેષણ વિશે મેં જણાવ્યું છે તેમ એનો અર્થ અજ્ઞાનીની જેમ માની લેવું એવો નથી થતો. એનો અર્થ થાય છે : એવી શ્રદ્ધા, જે બુદ્ધિએ ઊભા કરેલા પ્રશ્નોથી ઉચાટ ન અનુભવે અને હકીકતના બાહ્ય દેખાવથી વ્યથિત ન બને. દા.ત. હકીકત એ પ્રકારની હોય કે આ જગત, આપણું માનવીય જગત ઈશ્વરવિરોધી બળોથી દોરાતું રહે છે ત્યારે પણ વ્યક્તિને ઈશ્વરમાં જ શ્રદ્ધા હોય. તમારી બુદ્ધિ જેને સમજી ન શકે એવી પદ્ધતિઓનો ગુરુ ઉપયોગ કરતા હોય ત્યારે પણ ગુરુમાં તમારી શ્રદ્ધા ટકી શકે. ... ધ્યેય પ્રતિ દોરી જતા માર્ગમાં તમારી શ્રદ્ધા, ધ્યેય ઘણું દૂર હોય છતાં ટકી રહે... દુન્યવી બાબતોમાં પણ શ્રદ્ધા વગર કોઈ મહાન વસ્તુ સિદ્ધ કરી શકાતી નથી — આધ્યાત્મિક પ્રદેશમાં શ્રદ્ધા એનાથી પણ વધુ અનિવાર્ય છે.

(CWSA 28 : 344-45)

*

## અનુભૂતિઓ શ્રદ્ધા પરત્વે દોરી જાય એ જરૂરી નથી

શ્રદ્ધા માટે અનુભૂતિ જરૂરી છે અને તેના સિવાય શ્રદ્ધા ન આવી શકે એ વસ્તુ માનસશાસ્ત્રની વિરુદ્ધ છે. હજારો લોકોને અનુભૂતિ વગર પણ શ્રદ્ધા રહેલી છે, ''અનુભૂતિ વગર વિશ્વાસ નહિ,'' નો સિદ્ધાંત આધ્યાત્મિકતા માટે જોખમકારક છે, અથવા માનવકાર્યના ક્ષેત્રમાં પણ તેવું છે. સંત અથવા ભક્તને પ્રભુની અનુભૂતિ થઈ હોય તે પહેલાં પણ ઘણા લાંબા સમયથી પ્રભુમાં શ્રદ્ધા રહેલી હોય છે — કર્મવીર માનવીને તેમના કાર્યની સફળતાની ટોચ ઉપર પહોંચે તે પહેલાં પણ તેના કારણ માટે શ્રદ્ધા હોય છે નહિ તો પછી તેની સામે આવતી નિષ્ફળતા અને ભયંકર મુશ્કેલી હોવા છતાં પણ તે સંઘર્ષ માટે સતત ઝઝૂમતો રહી શક્યો ન હોત. મને સમજાતું નથી કે 'ક્ષ' સાચી શ્રદ્ધા એટલે શું કહેવા માગે છે. મારે માટે શ્રદ્ધા એ બૌદ્ધિક વિશ્વાસ નથી, પરંતુ આત્માનું કાર્ય છે. જ્યારે જ્યારે મારો વિશ્વાસ ડગી ગયેલો હોય, નિષ્ફળ ગયેલો હોય, નાશ પામતો હોય ત્યારે પણ મારો આત્મા સ્થિર અને અડગ રહેલો છે. ''આ જ માર્ગ અને બીજો કોઈ પણ નહિ... મને જે શ્રદ્ધા છે તે જ એક માત્ર સત્ય છે, ભલે પછી મારા મનની ગમે તે માન્યતા હોય.'' તેનાથી ઊલટું અનુભૂતિઓ ચોક્કસ શ્રદ્ધા તરફ લઈ જ જશે એવું નથી. એક સાધક મને લખે છે, ''મને માતાજીની કૃપાનું અવતરણ મારી અંદર અનુભવાય છે, પરંતુ હું તેમાં માનતો નથી, કારણ કે તે કદાચ મારી પ્રાણમય કલ્પના પણ હોય.'' એક બીજા સાધકને વર્ષો સુધી અનુભૂતિઓ થયેલી છે અને ત્યાર પછી તેનું પતન થાય છે, કારણ કે તે કહે છે તે પ્રમાણે તે શ્રદ્ધા ખોઈ બેઠેલો છે. આ બધી વસ્તુઓ મારી કલ્પના નથી, પરંતુ હકીકતો છે અને તેમની પોતાની વાત કહે છે. (યોગ વિશે પત્રો-૨ પૃ. ૭૬-૭૭)

*

*(અનુસંધાન પૃષ્ઠ ૨૮ ઉપર જુઓ)*

# ખંત અને ધીરજ

આ પ્રકારના યોગમાં ધીરજની જરૂર છે, કારણ કે તેમાં મૂળભૂત હેતુઓ તેમ જ પ્રકૃતિના દરેક ભાગ અને વિગત બન્નેમાં પરિવર્તન કરવાનાં છે. આમાં એવું કહ્યે નહિ ચાલે – ''મેં કાલે શ્રી માતાજીને સમગ્ર રીતે મારી જાતનું અર્પણ કરવાનો નિશ્ચય કરેલો, અને જુઓ તે વસ્તુ બની નથી, પરંતુ તેનાથી ઊલટું બધી જ જૂની વિરોધી વસ્તુઓ ફરીથી પાછી બીજી વખત આવે છે.'' અલબત્ત, જ્યારે તમે એવા બિંદુએ પહોંચો, જ્યાં તમે તે પ્રકારનો નિશ્ચય કરો છો ત્યારે જે જે વસ્તુ માર્ગમાં વિઘ્નરૂપ હોય, તે ફરી ફરીને ઉપસ્થિત થાય છે – એ પ્રમાણે અચૂક બને છે. વસ્તુની સાથે એ રીતે કામ લેવાનું છે કે પાછા હઠીને ઊભા રહેવું તથા ઇનકાર કરવો; આ વસ્તુઓને તમારો કબજો ન લેવા દેવો, તમારા કેન્દ્રવર્તી સંકલ્પને તે વસ્તુઓમાંથી અલગ પાડવો અને શ્રી માતાજીની શક્તિનું તે વસ્તુઓ સાથે મિલન કરાવવું; જો માણસ તેમાં ભળી જાય, જે વારંવાર બને છે, તો તેમાંથી શક્ય બને એટલી ઝડપે બહાર નીકળી જવું જોઈએ અને ફરીથી આગળ ચાલવું જોઈએ.

*

એ ચોક્કસ છે કે પ્રભુ પ્રત્યેની એક તીવ્ર અભીપ્સા પ્રગતિ કરવામાં સહાયરૂપ થાય છે, પરંતુ ધીરજની પણ તેમાં જરૂર છે. કારણ કે એક મહાન પરિવર્તન કરવાનું છે અને જો કે કોઈ ક્ષણોએ ઝડપી ફેરફાર થાય છતાં તે પ્રમાણે કાયમ બનતું નથી. જૂની વસ્તુઓ શક્ય બને તેટલો સમય ચીટકી રહેવા પ્રયત્ન કરે છે. જે નવીન વસ્તુ આવે છે તેમાં પ્રગતિ કરવાની હોય છે અને તે વસ્તુઓનું પાચન કરવા માટે અને પ્રકૃતિને સામાન્ય બનાવવા માટે ચેતનાને સમય લાગે છે.

તમારા મનમાં આ મક્કમ શ્રદ્ધાને ટકાવી રાખો જેથી જે વસ્તુની જરૂર હોય તે થઈ શકે અને તે પૂર્ણ રીતે બની શકશે. તેના વિશે કોઈ શંકા હોઈ શકે નહિ.

*

**અધીરાઈ, શંકા, વિઘ્નરૂપ છે**

અધીરાઈ રાખવી એ કાયમ ભૂલ છે, એ મદદરૂપ બનવાને બદલે વિઘ્નરૂપ બને છે. સાધના માટેનો શ્રેષ્ઠ પાયો એક સ્થિર સુખપૂર્વકની શ્રદ્ધા અને વિશ્વાસ છે; બાકીની બધી વસ્તુઓ માટે પોતાની જાતને વિશાળ રીતે ખુલ્લી કરવી અને વ્યક્તિએ તીવ્ર અભીપ્સાથી તેને ગ્રહણ કરવા માટે કાયમ શાંત અને સ્થિર રહેવું જોઈએ. પૂર્ણ યૌગિક સાક્ષાત્કાર એકદમ આવતો નથી, તે વસ્તુ તો આધારને લાંબા સમય સુધી તૈયાર કર્યા પછી જ આવે છે.

દિવ્યકૃપા માટે કોઈ શંકા હોઈ શકે નહિ. એ પણ સાચું છે કે જો કોઈ માણસ સત્યનિષ્ઠ હોય તો તે પરમાત્મા સુધી પહોંચે છે જ. પરંતુ તેને લઈને એમ સમજવાનું નથી કે તે તાત્કાલિક સરળતાથી અને કોઈ પણ ઢીલ વગર તેમાં પહોંચી જશે. તમારી ભૂલ ત્યાં થ

ાય છે કે તમે પ્રભુ માટે સમયગાળો નક્કી કરો છો, પાંચ કે છ વર્ષ. અને તમારામાં શંકા છે કારણ કે હજુ સુધી કોઈ પરિણામ આવ્યું નથી. માણસ કેન્દ્રમાં સચ્ચાઈપૂર્ણ હોય અને છતાં સાક્ષાત્કાર થાય તે પહેલાં તેનામાં એવી ઘણી વસ્તુઓ હોય જેમાં ફેરફાર કરવાની જરૂર હોય. તેની સચ્ચાઈમાં કાયમ ધૈર્ય રાખવાની શક્તિ હોવી જોઈએ — કારણ કે તે પ્રભુ માટેની ઝંખના છે, જેની તરસ કોઈ બીજી વસ્તુ તૃપ્ત કરી શકે નહિ, ઢીલ કે નિરાશા કે મુશ્કેલી અથવા બીજું કાંઈ પણ તેની ઝંખનાને તૃપ્ત કરી શકે નહિ.

*

## શ્રદ્ધા અને સાથે ખંત

શ્રદ્ધા માટે અભીપ્સા કરવા ઉપરાંત હું તમારી પાસે શેની ઇચ્છા રાખું છું? વારુ, પદ્ધતિમાં થોડી વ્યવસ્થા અને ખંત! ફક્ત બે દિવસ માટે અભીપ્સા રાખીને પછી ખાડામાં ન પડશો, અને પૃથ્વીના ધરતીકંપના આદેશમાં ન સંડોવાશો. અને શોપનહોર વાંચીને તે ઉપરાંત ગધેડાની વાત અને એવું બધું ન કરશો. પરમાત્માને મુક્ત રીતે કામ કરવા માટે થોડી તક આપો. તે તમારામાં કાંઈક પ્રકાશ આપે અથવા પ્રકાશ માટે તૈયારી કરે, ત્યારે એક નિરાશાનો ભીનો કામળો લાવીને આવશો નહિ અને તે બિચારી શિખા ઉપર તેને ફેંકશો નહિ. તમે એમ કહેશો ''તે તો ફક્ત મીણબત્તી સળગે છે — પરંતુ બીજું કાંઈ નથી!'' પરંતુ આ બાબતમાં માનવ મનનો, પ્રાણનો અને શરીરનો અંધકાર દૂર કરવો હોય, ત્યારે મીણબત્તી એક શરૂઆત છે, ત્યાર પછી બત્તી આવે અને ત્યાર પછી સૂર્ય : પરંતુ શરૂઆતમાં જે આવે તેને એક ક્રમ પ્રમાણે સ્વીકારવી જોઈએ અને તેની હારમાળામાંથી નિરાશા, શંકા અને વિષાદના ટુકડાઓ કાપી ન કાઢશો. શરૂઆતમાં અને ઘણા લાંબા સમય સુધી અનુભૂતિઓ બહુ નાના પ્રમાણમાં આવે છે અને વચ્ચે વચ્ચે ખાલી જગાઓ રહે છે — પરંતુ જો તેને તેની રીતે આવવા દેવામાં આવે તો ગાળાઓ ઓછા થતા જશે અને ક્વોન્ટમ સિદ્ધાંતને (Theory) બદલે આત્માનો ન્યૂટનવાળો સિદ્ધાંત લાગુ પડશે. પરંતુ તમે તેને કદી સાચી તક આપી નથી. જે ખાલી ગાળાઓ હતા તેમાં તમે શંકાઓના અને ઇનકારોના ટોળાબંધ તત્ત્વો ભરી દીધાં છે અને તેથી કરીને ક્વોન્ટમ વિરલ બન્યો છે અને શરૂઆત એ શરૂઆત જ રહી ગઈ છે. તમે અન્ય મુશ્કેલીઓનો સામનો કરીને ફેંકી દીધી છે, પરંતુ જે મુશ્કેલીનું તમે ઘણા લાંબા સમય સુધી લાલન કર્યું છે અને તેથી તે મજબૂત બની છે તેની સાથે ખંતપૂર્વક કામ લેવું જોઈએ. હું એમ નથી કહેતો કે કાંઈક વસ્તુ આવ્યા પહેલાં બધી જ શંકાઓ અદૃશ્ય થઈ જવી જોઈએ — એ વસ્તુ તો સાધનાને અશક્ય બનાવે, કારણ કે શંકા મનનો જીદ્દી હુમલાખોર દુશ્મન છે. હું એટલું જ કહું છું કે હુમલાખોરને તમારો સાથીદાર ન બનાવો, તેના માટે દ્વાર ખુલ્લું ન રાખો અને તેને હૂંફ આપવા માટે સગડી તૈયાર ન કરી આપો. તે ઉપરાંત આવતા પરમાત્માને પેલા નિરાશા અને વિષાદથી ભરેલા નિર્બળ ભીના કામળા વડે હાંકી ન મૂકો. (યોગ વિશે પત્રો - ૨ પૃ. ૧૩૦ થી ૧૩૫)

*

## ઈશ્વરપ્રાપ્તિનો એકમાત્ર ટૂંકો માર્ગ

ઈશ્વરપ્રાપ્તિ માટેનું એક સાધન છે ધ્યાન અને એ મહત્તર પદ્ધતિ છે. પરંતુ એને શોર્ટ કટ, ટૂંકો માર્ગ કહી શકાય નહિ — મોટાભાગના લોકો માટે એ ઘણું ઊર્ધ્વ આરોહણ તે લાંબી અને મુશ્કેલ પ્રક્રિયા છે. કોઈ પણ રીતે એ પ્રક્રિયા ટૂંકી થઈ શકે નહિ, સિવાય કે એ આરોહણ અવતરણમાં પરિણમે. અને એમ શક્ય બને ત્યારે પણ એ ઝડપથી તૈયાર કરવામાં આવેલ આધાર માત્ર બની રહે છે. અને પાછળથી એ આધાર ઉપર ધ્યાન દ્વારા શ્રમપૂર્વક એક મોટું માળખું ઊભું કરવું પડતું હોય છે... આમ એમાં ટૂંકા માર્ગનું કોઈ તત્ત્વ હોતું નથી.

કર્મ વધુ સરળ માર્ગ છે — સિવાય કે કર્તાનું મન ઈશ્વરની બાદબાકી કરી માત્ર કર્મ ઉપર જ સ્થિર ન થયું હોય. ધ્યેય ઈશ્વરપ્રાપ્તિનું જ હોવું જોઈએ અને કર્મ તે સાધન માત્ર હોવું જોઈએ. કવિતાની રચના વગેરેનો ઉપયોગ વ્યક્તિ પોતાને પોતાના આંતર સ્વરૂપ સાથે સંપર્કમાં મૂકી શકે એને માટે થવો જોઈએ. અને અંતરતમ સંનિધિ સાથે સીધો સંપર્ક કેળવવા માટે એ સાધકને તૈયાર કરવામાં સહાય કરે છે. પણ સાધકે એટલેથી જ, — સંપર્ક કેળવીને — અટકી જવાનું નથી. સાધકે આગળ વધીને સત્ય વસ્તુ પ્રાપ્ત કરવી જ જોઈએ.

તમે જો સાહિત્યપ્રેમી, વિદ્વાન વ્યક્તિ બનવા માગતા હો, કવિ, ચિત્રકાર, વિ. એ વસ્તુઓને ખાતર જ બનવા માગતા હો તો પછી એમાં યોગ કરવાની ભાવના રહેલી છે એમ ન કહી શકાય! આ કારણસર અમુક સમયે મારે એમ કહેવું પડ્યું છે કે આપણું ધ્યેય છે યોગી બનવાનું, માત્ર કવિ કે કળાકાર બનવાનું નહિ.

પ્રેમ, ભક્તિ, સમર્પણ અને ચૈત્ય પુરુષની અભિમુખતા આ જ માત્ર ઈશ્વરપ્રાપ્તિ માટેના ટૂંકા માર્ગો — અથવા આ ત્રણ શોર્ટ કટ બની શકે છે; કારણ, જો પ્રેમ અને ભક્તિ એકદમ પ્રાણમય હોય તો પછી પ્રસન્ન કરનારી અપેક્ષા અને વિરહ, અભિમાન, નિરાશા વચ્ચે ડામાડોળ પરિસ્થિતિ સર્જાઈ શકે, જે પછી શોર્ટકટને લાંબા સમયમાં પરિવર્તિત કરી દઈ શકે. પછી ઉડ્ડયન સીધું થવાને બદલે આડુંઅવડું, વાંકૂચૂકું થઈ જાય. પછી ઈશ્વર પ્રતિ ગતિ થવાને બદલે પોતાના અહંકાર આસપાસ અમળાતું ચક્રાવાત એ બની રહી શકે. (CWSA 29 : 212)

*

## પ્રેમ એ પ્રાણમય ભાવનાત્મકતા નથી

પ્રભુ તરફનો સાચો પ્રેમ એ તો એક આત્માર્પણ રૂપ હોય છે. તેમાં કશી માગણી હોતી નથી. શરણાગતિ અને સમર્પણથી તે ભરપૂર હોય છે. તે પ્રેમ કશો હક્ક નથી કરતો, કોઈ શરતો નથી મૂકતો, કોઈ સોદો નથી કરતો, ઈર્ષા, અભિમાન કે ક્રોધની કોઈ ઉગ્ર વૃત્તિઓમાં તે રાચતો નથી. કેમકે આ વસ્તુઓ તેના તત્ત્વમાં જ નથી. અને આવા પ્રેમના બદલામાં મા ભગવતી પણ પોતાની જાત આપે છે, — અને આ આપવાની ક્રિયા તે એક આંતરિક પ્રકારનું રૂપ

લે છે — તમારા મનમાં, તમારા પ્રાણમાં, તમારી શારીરિક ચેતનામાં તે પોતાનું સાંનિધ્ય મોકળે હાથે ભરી આપે છે. મા ભગવતીની દિવ્ય શક્તિ તમને દિવ્ય પ્રકૃતિમાં એક નવો જન્મ આપે છે. તમારી સઘળી ક્રિયાઓને તે પોતાના હાથમાં લઈ લે છે, પોતાની બાથમાં ઉપાડીને તમને તે પ્રભુ તરફ લઈ જાય છે. તમારા બધા ભાગોમાં, ઠેઠ સ્થૂલ સુધીમાં તમને આનો અનુભવ થાય, તમે તેને ધારણ કરી શકો એ રીતની તમારે અભીપ્સા સેવવી જોઈએ. અને આ બાબતમાં સમયની કશી મર્યાદા નથી, એની પરિપૂર્ણતાને કશી સીમા નથી. સાધક જો આ પ્રેમ માટે સાચી અભીપ્સા સેવે અને તેને મેળવી શકે તો પછી બીજા કોઈ હકદાવાને માટે સ્થાન રહેતું નથી, કોઈ નિરાશ બનેલી કામનાને અવકાશ રહેતો નથી. તમે જો સાચોસાચ અભીપ્સા કરશો તો તમને તે અચૂક મળવાનો જ છે. તમારી વિશુદ્ધિ જેમ જેમ વધતી જશે, તમારી પ્રકૃતિમાં તેને માટેનો જરૂરી ફેરફાર જેમ જેમ સધાતો જશે, તેમ તેમ તમને એ પ્રેમ વધુને વધુ મળતો જશે.

તમારા પ્રેમને હર પ્રકારના સ્વાર્થી હકદાવાઓમાંથી, કામનાઓમાંથી મુક્ત રાખી વિશુદ્ધ રાખો. અને તમે જોશો કે તમારી અભીપ્સાના જવાબમાં તમારાથી ઝીલી શકાય તેટલો, તમારાથી પચાવી શકાય તેટલો પ્રેમ તમને ભરપૂર મળી રહ્યો છે.

(શતાબ્દી પુસ્તિકા : પ્રેમ-૨ : પૃ. ૧૫)

*

*(અનુસંધાન પૃષ્ઠ ૨૪ નું ચાલુ)*

**શ્રદ્ધા, સમર્પણભાવ અનિવાર્ય**

શ્રદ્ધા, પ્રભુ પરનો આધાર, દિવ્ય શક્તિને સમર્પણ અને આત્માર્પણ જરૂરી છે એટલું જ નહિ પણ અનિવાર્ય છે. પરંતુ પ્રમાદ, નિર્બળતા અને નિમ્ન પ્રકૃતિના આવેગોને પ્રભુના આધારનાં બહાનાં તરીકે આગળ ધરવા ન જોઈએ; પ્રભુ પર આધાર રાખવા માટે અણથક અભીપ્સા ચાલુ રાખવી જોઈએ અને દિવ્ય સત્યના માર્ગમાં જે કોઈ વસ્તુ વિઘ્ન તરીકે આવે તેનો મક્કમ રીતનો ઇનકાર કરવો જોઈએ. પરમાત્માને કરેલું સમર્પણ એક બહાના તરીકે, એક બુરખા તરીકે ફેરવી નાખવું ન જોઈએ. પોતાની કામનાઓ અને નિમ્ન પ્રકૃતિની ગતિઓ અથવા અજ્ઞાનની ગતિઓ અથવા અહંકારને ઢાંકવા માટેનું બહાનું ન હોવું જોઈએ અથવા અવિદ્યા પરમાત્મા તરીકેનો જૂઠો દેખાવ ધારણ કરે તેવી વસ્તુને સમર્પણ કરેલું ન હોવું જોઈએ.

(યોગ વિશે પત્રો-૨ પૃ. ૮૫-૮૬)

# ભક્તિ અને પ્રેમ

ભક્તિ એ છે ઈશ્વરની ઉપાસના, પ્રેમ અને આરાધના; તેમ જ ઉચ્ચતર વસ્તુ માટેની આત્માની અભીપ્સા એ છે ભક્તિ.

*

પોતાનાથી જે મહત્તર છે તેની આરાધના, પૂજા, અર્ચના એ છે ભક્તિનો ગુણ.

*

ભક્તિ, એની પરાકાષ્ઠાએ, સંપૂર્ણ આત્મસમર્પણ છે.

*

ભક્તિ એ કોઈ અનુભૂતિ નથી, એ છે હૃદય તથા આત્માની અવસ્થા. આ અવસ્થા જ્યારે ચૈત્યપુરુષ જાગ્રત થયો હોય અને અગ્રભાગે સ્થિત થયો હોય ત્યારે આવી મળે છે.

*

**પ્રશ્ન :- શુદ્ધ અને સંપૂર્ણ ભક્તિભાવ કેવી રીતે વિકસાવી શકાય?**

સૌ પ્રથમ, શાન્ત થઈ જાઓ - પછી એ શાન્તિ દ્વારા અભીપ્સા સેવો અને શ્રી માતાજી પ્રત્યે નિષ્ઠાપૂર્વક અને સ્વસ્થતાપૂર્વક તમારી જાતને ખુલ્લી કરો.

મનોમય આતુરતા તમને પરેશાન કરી નાંખે એમ ન થવા દો. શ્રી માતાજીની શક્તિ તમારામાં કાર્ય કરે એ માટે રાહ જુઓ અને એ શક્તિ તમારા હૃદયના કમળને ખુલ્લું કરી દેશે. ઊર્ધ્વમાંથી આવતી જ્યોતિમાં તમારી અંદર ભક્તિભાવ ખીલી ઊઠશે.

*

(Cent. ed. Vol. 13 P. 269, Vol. 23 P - 776, 799, 776 & Vol 25,P. 184)

પ્રેમ દ્વારા આત્મા પ્રભુ પ્રત્યે વળે એ ક્રિયા ખાસ કરીને દિવ્ય પ્રકારના પ્રેમ દ્વારા થવી જોઈએ, પરંતુ એવા પ્રેમને વ્યક્ત થવાનું સાધન શરૂઆતમાં માનવપ્રકૃતિ હોય છે એટલે એ પ્રેમ માનવપ્રેમ અને ભક્તિનાં સ્વરૂપો લે છે. જેમ જેમ ચેતના ગભીરતમ થતી જાય, ઊર્ધ્વારોહણ કરતી જાય અને પરિવર્તન પામતી જાય, તેમ તેમ એની અંદર મહત્તર એવો શાશ્વત પ્રેમ પ્રકટી શકે છે અને એ માનવપ્રકૃતિને દેખીતી રીતે દિવ્ય પ્રકૃતિમાં બદલી નાખી શકે છે. પરંતુ ખુદ માનવપ્રેમમાં પણ અનેક જાતની હેતુલક્ષી શક્તિઓ રહેલી હોય છે. એક પ્રકારનો ચૈતસિક માનવપ્રેમ હોય છે જે દિવ્ય આનંદ અને એકતા પ્રતિ અભિમુખ હોય છે અને આંતર સ્વરૂપના એની સાથેના મિલનના પરિણામસ્વરૂપ એ પ્રેમ પ્રકટ થતો હોય છે. એકવાર આ પ્રેમ પોતાના વિશે સભાન થાય છે પછી એ એક કાયમી એવી આત્મનિર્ભર વસ્તુ બની રહે છે. એ પ્રેમ બાહ્ય સંતોષો પર આધાર રાખતો નથી, બાહ્ય કરણોને લઈને એની તીવ્રતા ઘટતી નથી, એ પોતાના વિશે જ વિચાર કરતો નથી, તે હક કે બદલાની માગણી કરતો નથી. પરંતુ એ પ્રેમ

આપમેળે, સહજ તથા સરળ રીતે આત્મ-સમર્પણ કરે છે. એ ગેરસમજ, તકરાર કે ગુસ્સાને કારણે ચલિત થતો નથી, કે તૂટી જતો નથી અને એ હંમેશાં આંતરિક ઐક્ય માટે દબાણ કરતો હોય છે. આ ચૈતસિક પ્રેમ ઈશ્વરની સૌથી વધુ નજીક હોય છે અને માટે જ એ પ્રેમ તથા ભક્તિ માટેનું શ્રેષ્ઠ અને યોગ્ય કરણ છે. પરંતુ એનો અર્થ એમ નથી થતો કે સ્વરૂપના બીજા ભાગો, પ્રાણમય તેમજ શારીરિકનો એ પ્રેમની અભિવ્યક્તિ માટે ઉપયોગ નથી કરવાનો. એ ભાગોને પ્રેમની સમગ્ર લીલામાં, દિવ્ય પ્રેમમાં પણ ભાગ લેવાનો નથી એવું પણ નથી. એનાથી ઊલટું, એ ભાગો દિવ્ય પ્રેમની પૂર્ણ અભિવ્યક્તિ માટેનાં કરણો છે અને એ કરણો જો યોગ્ય પ્રકારની ક્રિયા કરતાં હોય તો તે દિવ્ય પ્રેમના મહત્તર અંગરૂપ પણ બની શકે છે. (SABCL 13 : 169)

*

હું જે ભાગવત પ્રેમની વાત કરું છું તે અહીં આ સ્થૂલ પૃથ્વી ઉપર, જડતત્ત્વમાં આવિર્ભાવ પામી રહેલો પ્રેમ છે, પરંતુ તેણે અવતાર લેવો હોય તો તે માનવ વિકૃતિઓથી મુક્ત, વિશુદ્ધ હોવો જોઈએ. પરંતુ વિરોધી બળોએ એ પ્રેમને વિકૃત કરી નાખ્યો છે; તેમણે તેને હિંસા, સ્વાર્થ, ઇચ્છા અને દરેક પ્રકારની કુરૂપતાના ક્ષેત્ર રૂપે બદલી નાખ્યો છે અને તેને પ્રભુના કાર્યમાં ભાગ લેતો અટકાવ્યો છે.

*

પ્રેમ તે એક પરમ ઉચ્ચ શક્તિ છે, અને તેને શાશ્વત દિવ્ય ચેતનાએ પોતાની અંદરથી નીચે એક તમોગ્રસ્ત અને અંધકારમય જગતમાં મોકલી છે કે જેથી કરીને તે જગતને અને તેના પ્રાણીઓને પાછા ભગવાનની પાસે લઈ આવે. સૃષ્ટિ ભગવાન તરફ પ્રેમ દ્વારા ઊંચે ગતિ કરે છે. પ્રેમની આ માનવ પ્રકારની ગતિ, તેને હજુ સુધી જે મળી આવ્યું છે તેનાથી બીજું કંઈક ગુપ્ત રીતે શોધી રહી છે. પરંતુ તેને ક્યાં શોધવું તે જાણતી નથી. એ કઈ વસ્તુ શોધે છે તે પણ તે જાણતી નથી; સૃષ્ટિ એક વખત સચેતન થઈ જાય, જાગ્રત થઈ જાય, પ્રભુને માટે પ્રેમ તરફ ખુલ્લી થાય, તો ભગવાનનો દિવ્ય પ્રેમ સૃષ્ટિની અંદર પોતાની જાતને પાછી નિઃસીમ રીતે રેલાવે છે; તે પછી બે છેડાનું, પરમ આત્મતત્ત્વ અને તેનો આવિર્ભાવ કરતું જડતત્ત્વ એ બેનું સંધાન બની રહે છે અને તેમની દિવ્ય એકતા સ્થાયી અને સંપૂર્ણ થાય છે.

(વ્યવહારુ માર્ગદર્શન - ભાગ-૩ પૃ. ૩૨-૩૩)

*

"To live, to love are signs of infinite things,
Love is a glory from eternity's spheres."

**(Savitri : P. 397)**

# સરળ બનો

Be simple,
Be happy.
Remain quiet.
Do your work as well as you can.
Keep yourself always open towards me.
This is all that is asked from you.

સરળ બનો,
આનંદી બની રહો,
સ્વસ્થ બની રહો,
તમારું કાર્ય, તમારાથી બને એટલી સારી રીતે કરો,
તમારી જાતને હંમેશા મારા પ્રત્યે ખુલ્લી રાખો.
તમારી પાસેથી ફક્ત આટલી જ વસ્તુ માગવામાં આવે છે.

શ્રી માતાજી

## Be Simple - સરળ બનો

પરમ સરળતા, એ છે આધ્યાત્મિકતા.

*

સંવાદિતા પ્રકટ કરવા માટે સૌ વસ્તુઓમાં સરળતા એ સર્વોત્તમ છે.

*

આ આવિર્ભાવમાંથી જ્યારે બધા પ્રયત્નો અદૃશ્ય થઈ જાય છે ત્યારે જગત એકદમ સરળ બની જાય છે, એક પુષ્પની માફક; કે જે કશી માગણી વિના તથા આવેગપૂર્વકની ચેષ્ટા વગર – પોતે ખીલતું હોય છે – પોતાની સુંદરતા તેમ જ સુવાસને પ્રસરાવવા માટે. અને આ સરળતામાં જ મહત્તર શક્તિ સમાયેલી છે, એવી શક્તિ કે જે નિર્ભેળ છે તથા જે નુકસાનકારક પ્રતિક્રિયાઓ જન્માવતી નથી....

સરળતા, સરળતા ! હે પ્રભુ તારા સાન્નિધ્યની પવિત્રતા કેવી તો મધુર છે!...

*

યોગના ક્ષેત્રમાં એકદમ કડક અને સખત એવી સાહજિકતા એકદમ અનિવાર્ય છે.

અને એને માટે વ્યક્તિમાં કોઈ જાતની મહત્ત્વાકાંક્ષા, કામના અથવા વધુ પડતી કલ્પનાશક્તિ ન હોવી જોઈએ. અને જેને હું 'આધ્યાત્મિક અત્યુક્તિ' કહું છું, તથા ચમત્કારો માટેનો રસ, વ્યક્તિએ કાળજીપૂર્વક દૂર કરી દેવાં જોઈએ, જેથી કરીને એ વ્યક્તિ યોગમાર્ગ પર ભયરહિત બની પ્રગતિ કરી શકે. **શ્રી માતાજી**

(C.V.M. Vol. 14, P 158, 158, Vol-1, P-17 and Vol-8, P-284)

## પૂરેપૂરી રીતે સરળ કઈ રીતે બની રહેવું?

મેં જે લખ્યું હતું અને જેના પર મને ટીકા કરવાનું કહેવામાં આવ્યું છે તેનું હું વાચન કરીશ. આ સૂત્રો કદાચ સમજૂતી માગી લે તેવાં છે.

**''દિવ્ય બનવા માટે માણસે સ્વયંભૂ હોવું જોઈએ.''**

પછી પ્રશ્ન એ ઊઠે છે કે સ્વયંભૂ કેવી રીતે બનવું?

**''માણસે સ્વયંભૂ બનવા માટે પરિપૂર્ણ રીતે સરળ હોવું જોઈએ.''**

પરિપૂર્ણ રીતે સરળ કેવી રીતે બનવું?

**''પરિપૂર્ણ રીતે સરળ બનવા માણસે તદ્દન સાચા દિલના બનવું જોઈએ.''**

અને હવે તદ્દન સાચા દિલના બનવું, તેનો શો અર્થ છે?

**''તદ્દન સાચા દિલના બનવું એટલે પોતામાં કોઈ ભેદ ન હોવો, પોતાના અસ્તિત્વમાં કોઈ વિરોધ ન હોવો.''**

જો તમારામાં માત્ર ભિન્ન ભિન્ન જ નહિ, પણ પરસ્પર વિરોધી ટુકડા હોય, તો આ ટુકડાઓ જરૂર તમારા અસ્તિત્વમાં ભેદનું સર્જન કરે છે. દા.ત. તમારામાંનો એક ભાગ દિવ્ય

જીવન માટે, ભગવાનને જાણવા માટે, તેમની સાથે મિલન કરવા માટે સમગ્રતાપૂર્વક ભગવાનને ખાતર જીવવા માટે અભીપ્સા સેવતા હોય અને તમારામાંનો બીજો ભાગ ''**જરૂરિયાતો**'' ના નામે આસક્તિઓ અને કામનાઓ સેવતો હોય; તે ભાગ આ વસ્તુઓ શોધે એટલું જ નહિ, પણ જ્યારે તે વસ્તુઓ તેને પ્રાપ્ત થાય, ત્યારે તે વિક્ષુબ્ધ બની જતો હોય. બીજા પ્રકારના વિરોધો પણ હોય છે; પણ આ વિરોધ બહુ બલવાન, દેખાઈ આવે તેવો છે. બીજા પ્રકારના વિરોધો હોય છે, દા.ત. સંપૂર્ણ રીતે ભગવાનને સમર્પણ કરવાની ઇચ્છા, તેમના સંકલ્પને તથા દોરવણીને પરિપૂર્ણ રીતે આત્મસમર્પણ કરવાની ઇચ્છા; અને સાથેસાથે યોગના માર્ગમાં આવતી સામાન્ય અનુભૂતિ, જે ભગવાનને સાચા દિલથી સમર્પણ કરવા માણસ પ્રયત્ન કરે છે ત્યારે આવતી હોય છે, ત્યારે તેને એમ લાગતું હોય છે કે હું પોતે કાંઈ જ નથી, હું કાંઈ જ કરી શકતો નથી, ભગવાનથી બહાર મારું અસ્તિત્વ જ નથી. અર્થાત્ જો ભગવાન ન હોય, તો માણસ કશું જ ન કરી શકે, તે કશું જ ન હોઈ શકે. પરિપૂર્ણ આત્મસમર્પણમાં આ અનુભૂતિ એક મદદરૂપે આવતી હોય છે, પણ અસ્તિત્વનો બીજો ભાગ તે અનુભૂતિ સામે ભયંકર બળવો પોકારતો હોય છે કે ''મને માફ કરો! હું અસ્તિત્વમાં હોવાનો આગ્રહ સેવું છું, હું કાંઈક બનવાનો આગ્રહ સેવું છું. હું જાતે જ અમુક વસ્તુઓ કરવાનો આગ્રહ સેવું છું. મારું વ્યક્તિત્વ હોય એમ હું ઇચ્છું છું.'' સ્વાભાવિક રીતે જ, પ્રથમ વસ્તુએ જે બધું કર્યું હતું તેને આ બીજી વસ્તુ ન કર્યું કરી નાખે છે.

આ કિસ્સાઓ અપવાદરૂપ નથી. આમ ઘણી વાર બનતું હોય છે. અસ્તિત્વમાં આવા વિરોધોના અસંખ્ય દાખલાઓ હું તમને આપી શકું તેમ છું. જ્યારે એક ભાગ પ્રગતિમાં એક ડગલું આગળ વધવા માગતો હોય છે ત્યારે બીજો ભાગ આવીને તે બધાનો વિનાશ કરી મૂકે છે. તેથી જ્યારે તમને એમ જણાય કે મારા અસ્તિત્વમાંનો અમુક ભાગ મને ઊલટી દિશામાં ખેંચી રહ્યો છે, ત્યારે તમારે ખૂબ દિલની સચ્ચાઈપૂર્વક કાર્ય કરવું જોઈએ, તે ભાગને દરકાર-પૂર્વક ઉપાડીને માણસ જેમ બાળકને કેળવણી આપે તેમ. તેને કેન્દ્રસ્થ ભાગ સાથે સંવાદિતામાં સ્થાપવો જોઈએ. તે દિલની સચ્ચાઈનું કાર્ય છે, જે અનિવાર્ય છે.

જ્યારે અસ્તિત્વના બધા સંકલ્પોમાં એકતા હોય છે, સંમતિ હોય છે, સંવાદિતા હોય છે, ત્યારે સ્વાભાવિક રીતે જ તમારું અસ્તિત્વ સરલ, ચોખ્ખા હૃદયનું, અને પોતાના કાર્યમાં તથા વલણોમાં એકસરખું બની શકે. જ્યારે તમારું સમગ્ર અસ્તિત્વ એક કેન્દ્રસ્થ ગતિની આસપાસ એકત્રિત બનેલું હોય છે ત્યારે તમે સહજ બની શકો.

**શ્રી માતાજી**

(શ્રી માતૃવાણી ગ્રંથ - ૮ પેજ ૨૬૬થી ૬૭)

*

## Be Happy - આનંદી બની રહો

તમારી જાતને નૂતન પ્રકાશ પ્રતિ અભિમુખો કરો અને માર્ગ ઉપર આનંદપૂર્વક વિચરતા રહી કાર્ય કરો.

*

આત્માનું મૂળભૂત સત્ત્વ છે : દિવ્યાનંદ, સતત, અવિકારી, બિનશરતી, ભાવોન્માદવાળો....

*

આનંદી બની રહેવાનો પ્રયત્ન કરો અને તુર્ત જ તમે પ્રકાશની નજીક જઈ પહોંચશો.

*

અને સૌથી વધુ આવશ્યક ગુણ છે ખંત અને ટકી રહેવું તે. અને એક પ્રકારનું આંતરિક ખુશમિજાજીપણું.... હું એને કઈ રીતે સમજાવું? એ ખુશમિજાજીપણું જે તમને નિરુત્સાહ થવા દેતું નથી, ઉદાસ થવા દેતું નથી અને બધી મુશ્કેલીઓનો સ્મિતપૂર્વક સામનો કરવાની હિંમત આપે છે. અંગ્રેજી ભાષામાં એને માટે એક શબ્દ છે : CHEERFULLNESS. તમે આ ખુશમિજાજીપણુ તમારી અંદર જાળવી શકો તો એના પ્રકાશમાં જે ખરાબ અસરો તમારી પ્રગતિમાં અવરોધ ઊભો કરે છે એ અસરો સામે તમે વધુ સારી રીતે યુદ્ધ કરી શકશો, વધુ સારી રીતે એ દુષ્ટ અસરોનો તમે પ્રતિકાર કરી શકશો.

*

કદાપિ રોદણાં રડશો નહિ. તમે જ્યારે એમ કરતા હો છો ત્યારે બધા પ્રકારની શક્તિઓ તમારી અંદર પ્રવેશે છે અને તમને અધોગતિ કરાવે છે. હસતા રહો. ....હાસ્ય એક એવો વિશ્વાસ વ્યક્ત કરે છે કે ઈશ્વરની વિરુદ્ધ કશું પણ ટકી શકે નહિ અને અંતે તો બધું સારું જ થવાનું છે.

*

હંમેશાં સારા બની રહો અને તમે હંમેશ આનંદમાં જ રહેશો.

*

આપણે ફક્ત ઈશ્વરમાં જ આપણા સુખોને શોધીએ.

(CWM. Vol. 15, P - 199, Vol-9, P-40, Vol-14, P-173, Vol-8, P-23 Vol-14, PP 237-38. 192. 94

*

*અતિમાનસ પ્રેમ એટલે આત્માની આત્મા સાથેની, મનની મન સાથેની અને પ્રાણની પ્રાણ સાથેની તીવ્ર એકતા અને શારીરિક ચેતનાને શરીરના દરેક ભાગમાં, દરેક કોષમાં પ્રિયતમ પ્રભુની હાજરી તથા એકતાના શારીરિક અનુભવ વડે પૂરેપૂરી ભરી દેવી તે.* ***શ્રી અરવિન્દ***

*(વ્યવહારૂ માર્ગદર્શન ભાગ-૩ પૃ. ૩૨)*

# તમે આ વાત જાણો છો ?

... ... તમે જેમ જેમ વધુને વધુ આત્મસમર્પણ કરતાં જાવ છો તેમ તેમ તમને વધુ ને વધુ અનુભૂતિ થતી રહે છે. એ કોઈ પ્રકારની લાગણી હોય છે એવું નથી, તમારા મન પર એવી છાપ પડતી હોય છે, એમ પણ નહિ – એ તો એક સમગ્ર રીતની અનુભૂતિ હોય છે – તમે પ્રભુને જેટલું વધુ ને વધુ આત્મસમર્પણ કરો છો તેમ પ્રભુ પણ સમગ્રપણે તમારા સર્વે વિચારોમાં, સર્વ કાર્યોમાં  સતત, પ્રતિક્ષણ તમારી સાથે જ રહેતા હોય છે અને પછી એવી કોઈ અભીપ્સા રહેતી નથી જેને પ્રભુ તરફથી તુરત જ પ્રતિસાદ સાંપડ્યો ન હોય ! અને તમારામાં પ્રભુ પ્રત્યેની સંપૂર્ણ અને સતત એવી નિકટતાની લાગણી થઈ આવતી હોય છે. સંપૂર્ણ નિકટતા. તમે જાણે કે એ હાજરીને ધારણ કરી રહ્યાં હો – જાણે કે પ્રભુ બધો સમય તમારી સાથે જ ચાલતા હોય છે, તમે ચાલો છો અને પ્રભુ તમારી સાથે ચાલતા હોય છે, તમે સૂઈ જાવ અને પ્રભુ તમારી સાથે સૂઈ જતા હોય છે, તમે ખોરાક લો અને એ તમારી સાથે ખોરાક લેતા હોય છે, તમે વિચાર કરતા હો છો અને એ તમારી સાથે વિચાર કરતા હોય છે, તમે પ્રેમ કરો છો, અને તમારો એ પ્રેમ પણ પ્રભુ પોતે જ હોય છે ! પરંતુ આમ થઈ શકે એ માટે આપણે આપણી જાતનું સંપૂર્ણ સમર્પણ પ્રભુને કરી દેવું પડે, પૂરેપૂરું સમર્પણ, નિઃશેષ સમર્પણ થવું ઘટે, કશું પણ એ સમર્પણમાંથી બાકાત રહેવું જોઈએ નહિ. પોતાને માટે કશું પણ રાખી મૂકવાનું નહિ, કોઈપણ વસ્તુને વિખેરી નાખવાની પણ નહિ. તમારા સ્વરૂપની નાનામાં નાની વસ્તુ જે પ્રભુને સમર્પિત થયેલી નથી હોતી તે નકામી બની જાય છે. અને જે વસ્તુ સમર્પિત થયેલી નથી હોતી, એટલા પ્રમાણમાં તમારો આનંદ ઓછો થઈ જતો હોય છે, તમે તમારા આનંદને એટલા પ્રમાણમાં ઓછો કરી નાખો છો. અને તમે જે કંઈ પ્રભુને સમર્પિત કરતાં નથી, એ વસ્તુ તો જાણે કે ભગવાન એમની પોતાની જાત તમને સોંપી રહ્યા હોય છે એમાં બાધારૂપ બની રહે છે. અને પછી તમે ભગવાન તમારી નિકટ છે એમ અનુભવી શકતા નથી, તેઓ સતત તમારી સાથે છે એમ પણ અનુભવી શકતા નથી, કારણકે તમે પોતે ભગવાનના બની રહ્યા નથી; તમે બીજી હજારો વસ્તુઓ કે વ્યક્તિઓના બની રહ્યા હો છો – ભગવાનના નહિ. તમારા વિચારોમાં, તમારી લાગણીઓમાં, તમારા આવેગોમાં એવી લાખો વસ્તુઓ હોય છે, જે તમે પ્રભુને સમર્પિત કરી નથી હોતી અને એને લીધે જ પ્રભુ તમારી નિકટ જ છે એવું તમે અનુભવી શકતા નથી. કારણ કે એ બધી જ વસ્તુઓ તમારી અને પ્રભુની વચ્ચે અંતરાયરૂપ બની રહે છે, દીવાલ બની રહે છે. પરંતુ તમે જો સર્વ કંઈ પ્રભુને સમર્પિત કરી શકો, કશું બાકી ન રાખો તો પછી પ્રભુ સતત તેમ જ સમગ્રતયા તમારી સાથે જ રહે છે, તમારા વિચારોમાં, તમારા કાર્યોમાં, તમારી લાગણીઓમાં, – હંમેશા, પ્રતિક્ષણ પ્રભુ પછી તમારી સાથે જ રહેશે.

શ્રી માતાજી

(CWM Vol. 7, P-247)

(વર્ષ ૦૬ : અંક ૦૭)

RNI NO GUJGUJ/2015/60353

વાર્ષિક લવાજમ ₹ ૧૮૦ - છૂટક અંક : ₹ ૧૫

શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચેરીની માસિક પત્રિકા

છૂટક અંકની કિંમત ₹ ૧૫-૦૦

વાર્ષિક લવાજમ ભારતમાં ₹ ૧૮૦

વિદેશ માટે-હવાઈ માર્ગે

અમેરિકન ડોલર ૨૫ વાર્ષિક

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૬૦૫ ૦૦૨

પ્રકાશક :

શ્રી શરદચંદ્ર એમ. જોશી, અધ્યક્ષ,

શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ,

દાંડિયા બજાર, વડોદરા-૩૯૦ ૦૦૧

ફોન નં. (૦૨૬૫) ૨૪૧૨૬૮૫

E-mail : sasvadodara@aurosociety.org

વેબસાઈટ : www.auronivas.org

*

મુદ્રણસ્થાન : કૈલાસ પ્રિન્ટરી, ડી-૧૨, સરદાર એસ્ટેટ,

આજવા રોડ, વડોદરા. ફોન નં. ૨૫૧૩૪૭૩ મો.૯૮૭૯૦૦૬૦૯૦

E-mail : vishal6090@gmail.com

*

તંત્રી : શ્રી કિરીટકુમાર ઇન્દ્રવદન ઠક્કર

**Published and Printed by Shri Sharadchandra M. Joshi,**
**on behalf of Sri Aurobindo Society, Vadodara**
**Published at Sri Aurobindo Nivas, Dandia Bazar, Vadodara-390001.**
**Printed at Kailas Printery D/12, Sardar Estate, Ajwa Road, Vadodara.**
**Editor : Shri Kiritkumar Indravadan Thakkar.**